Permitted to Post at PSO-AHD : On every Tuesday

Post Reg. No. GAMC-1438/2010-2012 Valid upto 31st December, 2012

છૂટક કિંમત : રૂપિયા ૧૦ ◆ પાના : ૦૮

Reg. under RNI No. GUJGUJ/2003/16248

# ધી ઇકોનોમિક રેવલ્યૂશન

## THE ECONOMIC REVOLUTION

સ્ટોક માર્કેટ અને આધુનિક આર્થિક પ્રવાહોની સચોટ માહિતી પ્રતિબિંબિત કરતું સફળ ગુજરાતી સાપ્તાહિક

Web site : www.theeconomicrevolution.com
Email : theeconomicrevolution@yahoo.co.in

Everythings that's on Money !!!

● વર્ષ : ૮ ● અંક : ૪૨ ● તા. ૧૧.૧૦.૨૦૧૧ થી ૧૭.૧૦.૨૦૧૧ ● આસો સુદ ૧૫ થી આસો વદ ૦૫ ● સં. ૨૦૬૭ ● તંત્રી : નરેન્દ્ર જોષી ●
● કાર્યાલય : એચ ૧૧૫/૯૯૧, નિર્મલ એપાર્ટમેન્ટ, ટેલિફોન એક્સચેન્જ રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૬૩ ● ફોન નં. : ૨૭૪૫૧૪૪૯, મોબાઈલ : ૯૮૨૫૦૬૫૩૮૭ ●

# યુરોપિયન દેવા સમસ્યા કરતાં અમેરિકન અર્થતંત્રની મંદીનો મુદ્દો બજારો માટે મહત્વનો

## એસ બી આઈનું રેટિંગ ઘટવા ને પગલે બેન્કીંગ સેક્ટરના ખેમામાં મોટો ફટકો પડચો છે.

શેરબજારની સમિક્ષા



દિપક અમીન
મો. ૯૩૭૭૦૦૮૭૦૮
www.DeepakAmin.Info

નમસ્કાર મિત્રો,

વીતેલા સપ્તાહ દરમિયાન ભારતીએ બજારો અત્યંત ઉંચી ચંચળતા ભર્યા વાતાવરણમાં ટ્રેડીંગ કર્યા રહ્યા હતા. જેમાં સપ્તાહ ને અંતે ગુરુવારની દશેરાની રજા બાદ બજારો શુક્રવારે ૩ % ઉપર ખુલીને લગભગ તે જ ઉંચી સપાટીએ બંધ રહ્યા હતા. છેક ત્રણ વાગ્યા સુધી બજારો નીચે નહિ આવને કારણ ઘણા ટ્રેડરો કે જે શોર્ટ સેલિંગ/ વેચાણમાં ઉભા હતા તેઓ ને છેલ્લે છેલ્લે પણ પોઝીશનો નુકશાનમાં અથવા કોસ્ટ ટુ કોસ્ટ કાઢવાની ફરજ પડી હતી. આવા ઉછાળાના કારણભૂત મુખ્યત્વે અમેરિકન રોજગારીના સારા આંકડાઓ, યુરોપીય મધ્યસ્થ બેંકની ૨૦૧૩ સુધી અમર્યાદિત ને અસ્ખલિત ત્યાંની બેંકોને પ્રવાહિતા પૂરી પાડવાની જાહેરાત અને બેંક ઓફ ઈંગ્લેન્ડની સમાંતર રહલ આપતી જાહેરાતના કારણે આવ્યો હતો. વધુમાં ટેકનીકલ પરિબળોને કારણે બજારો ગમે ત્યારે સ્પ્રિંગની જેમ ઉછળવાની શક્યતા જણાતી જ હતી. પ્રાદેશિક સ્તરેથી બજારો માટે અગત્યનો એવો કોઈ ઘટનાક્રમ હતો નહિ. જો કે દેશની સૌથી મોટી બેંક એસ બી આયનું રેટિંગ કંપની દ્વારા રેટિંગ ઘટાડવાને લીધે બજારોમાં અત્યાર સુધી તેજી નું નેતૃત્વ કરી રહેલ. જો કે હમણાં

## અત્યંત ઓવરસોલ્ડ બજારો ટેકનીકલ રીલીફ રેલી અને ટ્રેડીંગ પ્રવૃત્તિનું કોન્સોલીડેશન માંગી રહ્યા છે

જાહેર થયા મુજબ સોમવારે જાહેર થનારી નવી ટેલીકોમ નીતિ ને પગલે શુક્રવારે આઈડિયા, ભારતી એરટેલ જેવા ટેલીકોમ શેરોમાં વેચવાલી જોવા મળી હતી કે જે આગામી સપ્તાહે સભંવિત ટેલીકોમ પોલીસીની જાહેરાતને પગલે આ સેક્ટરના શેરોમાં હલચલ જારી રહેશે તેમ જણાય છે જોકે પુરા થતા સપ્તાહ દરમિયાન રેટિંગ એજન્સી મૂડી દ્વારા પોર્ટુગલની બેંકોનું રેટિંગ ઘટાડવા ને પગલે તેમજ ગ્રીસના તત્કાલીન આર્થિક સંકટનો કોઈ નિવેડોના આવને પગલે બજારોમાં નર્વસનેસ જારી રહે તેમ જણાય છે. જો કે ટેકનીકલ બાઉન્સ બેક અથવા રીલીફ રેલી રૂપે બજારો સુધારો દર્શાવી શકે છે. વધુમાં આગામી સપ્તાહે ઘર આંગણે ઔદ્યોગિક વિકાસના આંકડાઓ તેમજ અમેરિકા અને યુરોપમાંથી પણ વિવિધ અર્થતંત્રના આંકડાઓ તરફ બાજોની નજર રહેશે.

શુક્રવારે આવેલા ૪૦૦ પોઈન્ટના ઉછાળા છતાં વીતેલા સપ્તાહ દરમિયાન બીએસઈનો સેન્સેક્સ ૧.૩૪% ઘટીને તો એનએસઈ નો નિફ્ટી ૧.૧૨% ઘટીને અનુક્રમે ૧૬૨૩૨.૫૪ અને ૪૮૮૮.૦૫ બંધ રહ્યા હતા. જ્યારે બીજી બાજુ મિડકેપ ઈન્ડેક્સ ૨.૭૮% તેમજ સ્મોલકેપ ઈન્ડેક્સ ૨.૩૨% ઘટીને બંધ રહ્યો હતો. સેકટરલ ઈન્ડેક્સોમાં બેન્કેકસ ૪.૬૩%, ટેક ઈન્ડેક્સ ૧.૭૪%, રીયાલિટી ઈન્ડેક્સ ૧.૫૩% પીએસયુ ઈન્ડેક્સ ૧.૩૪%, પાવર ઈન્ડેક્સ ૧.૧૫%, મેટલ ઈન્ડેક્સ ૦.૭૮% આય ટી ઈન્ડેક્સ ૦.૬૪%, ઓયલ ગેસ ઈન્ડેક્સ ૦.૫૧%, હેલ્થકેર ઈન્ડેક્સ ૦.૩૯%, એફ એમ સી જી ઈન્ડેક્સ ૦.૨૬%, કન્જ્યુમર ડ્યુરેબલ ઈન્ડેક્સ ૦.૨૪%, ઓટો ઈન્ડેક્સ ૦.૧૨% ઘટી ને એ બંધ રહ્યો હતો. એક માત્ર કેપિટલ ગુડ્સ ઈન્ડેક્સ ૦.૭૪% હકારાત્મક બંધ રહ્યો હતો.

# નિફ્ટીએ ૫૦૨૫ / ૫૧૭૫ની સપાટી હાંસલ કરવા માટે ૪૮૫૦ની સપાટીએ ટકી રહેવું જરૂરી છે

ટુ ધી પોઈન્ટ



દિનેશ સી. નાગપાલ
૯૮૩૦૦૩૯૦૮૫
bluechips4u@gmail.com

**નિફ્ટી ૪૮૮૮**

સપ્તાહ દરમ્યાન નિફ્ટીએ ૫૦૦૦ ની સપાટીએથી તિવ્ર ઘટાડો દર્શાવ્યો અને તેની હાલની નીચી સપાટી ૪૭૨૫ ઉપર ટેકો મેળવ્યો. આ પછી નિફ્ટી ત્યાંથી પાછી વળી અને ખૂબ જ ઝડપથી તે નિફ્ટી ફ્યુચરમાં ૧૮ પોઈન્ટ સુધી દોરી ગઈ. ચાર્ટ પર નિફ્ટીએ આઈસલેન્ડ રિવર્સલની રચના કરેલ છે, જે એક મંદીમય રિવર્સલ સંકેત છે જેનો નીચે તરફનો લક્ષાંક ઓછામાં ઓછો ૫ ટકા (૪૪૦૦) થી ૧૦ ટકા (૪૧૦૦) છે. જો નિફ્ટી ૪૯૫૦ ની સપાટી પસાર કરી શકે તો જ આ મંદીમય રચના નગણ્ય બને.

હાલમાં નિફ્ટીની નીચે તરફની ૩ ગેપ ૫૩૩૦ / ૫૧૨૫ / ૪૯૨૫ વણપુરાયેલી છે જ, ત્યારે નિફ્ટીએ શુક્રવારે ૪૮૩૦ ની સપાટીએ ગેપ બનાવેલ છે. નિફ્ટીએ ૫૦૨૫ / ૫૧૭૫ની સપાટી હાંસલ કરવા માટે ૪૮૫૦ની સપાટીએ ટકી રહેવું જરૂરી છે. જો નિફ્ટી ૪૮૨૫ નીચે ટકી રહેશે તો તેમાં તિવ્ર ઘટાડો જોવા મળી જે નિફ્ટીને ખૂબ ઝડપણી નીચે તરફ ૪૫૦૦ ની સપાટી સુધી ખેંચી જાય.

**આ સપ્તાહની ટેકાની સપાટી**

**૪૭૭૦ / ૪૬૫૦ / ૪૫૭૫**

**આ સપ્તાહની પ્રતિકારક સપાટી**

**૪૯૬૫ / ૫૦૪૦ / ૫૧૫૦**

**આ સપ્તાહે ખરીદ કરવા જેવા શેર**

**એ બી જી શીપ યાર્ડ (રૂ.૩૮૫) ખરીદો**

એ બી જી શીપયાર્ડ શીપબિલ્ડીંગ અને શીપ રિપેરના બંધા સાથે સંકળાયેલ છે અને ૪૫૦૦ ટનની ક્ષમતા ધરાવે છે. આ કંપનીનાં ઉત્પાદનોમાં ટગ્સ અને પુશર ક્રાફટસ, બલ્ક કેરિયર્સ, તરતી ક્રેઈ અને જેક અપ ડ્રીલીંગ રીગ્સનો સમાવેશ થાય છે. તેનાં બીજાં ઉત્પાદનોના ૧૦૨ એમ સાઈડ લોડર/ન્યુઝ પ્રિન્ટ/કંટેઈનર શીપ અને ૮૩.૫ એમ ડી પી ૨ ડીઝલ ઈલેક્ટ્રીક પ્રોપુલ્સન ડાઈવીંગ સપોર્ટ વેસલનો સમાવેશ થાય છે. એબીજી પાસે વૈવિધ્યસભર ઓર્ડર બુક છે, જેમાં તેના ઓર્ડનો ૪૦ ટકા જેટલો હિસ્સો તો ઓફશોર સેગમેન્ટનો જ જણાય છે.

આ કંપનીની ઓર્ડરબુક ૧૪૫ બીલીયનની છે તેમ જ જેનો અમલ થયેલ નથી તેવી ઓર્ડર બુક રૂ. ૧૦૦ બિલીયનની છે, જે આ કંપનીની આવનાર ૪ થી ૫ વર્ષની સ્થિતિ તરફ અંગુલીનિદેશ કરે છે. આવનાર ૩૦ માસમાં ડીફેન્સના રૂ. ૨૦૦ બીલીયનના ઓર્ડરને કારણે આ કંપનીની ઓર્ડરબુક હજુ વધુ સમૃધ્ધ થશે તેવી અપેક્ષા છે. આ સાથે વહેથની ઉત્પાદન સુવિધા પણ પૂર્ણ રીતે કાર્યરત થયેલ છે. આ વર્ષે એ બી જી ૨૦ થી ૨૨ વેસલ્સની ડીલીવરી આપશે તેવી અપેક્ષા છે. ભારત સરકારે પણ ૨૦૧૭ની સાલ સુધીમાં વૈશ્વિક શિપ બિલ્ડીંગ માર્કેટમાં ભારતનો હિસ્સો હાલ ૧.૨૫ ટકા છે તે ૫ ટકા હશે તેવો લક્ષાંક બનાવેલ છે જ, જે આ સેકટરને વધુ વેગ આપશે. આ કંપની ટેકનીકલ ભાગીદાર (૪૦ ટકા) તરીકે નાઈઝીરીયામાં પણ એક શીપ યાર્ડ ઉભું કરવા વાટાઘાટો ચલાવી રહેલ છે અને તેનો હિસ્સો શીપીંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાને વેચશે.

કંપનીની રીગ ડીલીવરી બહુ સારી રીતે ચાલી રહી છે અને રીગનું ડીસેમ્બર ૨૦૧૧ થી ઉંડા પાણીમાં પરિક્ષણ કરવામાં આવશે તેવી અપેક્ષા છે અને આખરી ડીલીવરી ના. વ. ૨૦૧૩ માં આપવામાં આવશે. આ પછી પાછળની ડીલીવરી દર ૬ માસે આપવામાં આવશે.

શીપબિલ્ડીંગ રિપ્લેસમેન્ટ સાયકલ ૨૦૧૪-૧૫ ની સમય રેખા સાથે જં છે. વૈશ્વિક વાહનોના કાફલામાં ૩૦ ટકા અને ૨૪ ટકા એ એચ ટી અને પી એસી વી તાત્કાલિક રિપ્લેસમેન્ટ કરવા લાયક છે. (આયુ ૩૦+ વર્ષ), બીજા ૨૦ થી ૧૮ ટકા એ એચ ટી એસ અને પી એસ વી અનુક્રમે ૨૫ થી ૩૦ વર્ષની આયુ મર્યાદામાં છે જે આવનાર ૫ થી ૭ વર્ષમાં બદલાશે.

રોકાણકારો આ શેર રૂ. ૫૭૫ ના લક્ષાંકથી ભેગા કરી શકે.

**એક્ષીસ બૅંક (રૂ.૧૦૨૫) વેચો**

દૈનિક ચાર્ટ પર આ શેરે મોટું મધ્યમગાળાનું બ્રેકઆઉટ આપેલ છે અને હવે તે પ્રતિકારક સપાટીની નજીક છે. આ શેર રૂ. ૯૭૫ના લક્ષાંકથી રૂ. ૧૦૪૫ નો સ્ટોપલોસ રાખીને વેચો.

**એમ એન્ડ એમ (રૂ.૭૯૬) વેચો**

દૈનિક ચાર્ટ પર આ શેર પર હાલમાં આ ભાવે વેચવાલીનું દબાણ જોવા મળી રહેલ છે. ડેરિવેટિવ્સ ડેટા દર્શાવી રહેલ છે કે લોંગ પોઝીશન ઓછી થઈ રહેલ છે. આ શેર રે. ૭૭૫ના લક્ષાંકથી રૂ. ૮૦૫ નો સ્ટોપલોસ રાખીને વેચો.




- મંદીથી ગભરાશો નહીં, ભારતીય ઉદ્યોગોને કોઈ માઠી અસર પડવાની નથી

  વૈશ્વિક બજારોમાં આવેલા પ્રત્યાઘાતી સુધારાની સાથે ભારતીય શેર બજારમાં પણ દશેરાની ધામધૂમરૂપી પ્રત્યાઘાતી સુધારો
- કસોટીની વેળાએ શ્રી મોદીએ કર્મચારીઓને ખુશ કરી નાખ્યા
- બજારમાં હાલ પુરતી મંદી પુરી થઈ તેમ સમજવું
- પરિણામો પહેલાં પાછા ૪૮૦૦ થી ૫૦૦૦ની ટ્રેડીંગ રેન્જમાં
- કોમોડીટીના ભાવો ઘટતાં કંપનીને રાહત થશે

# ૧૦ ઓકટોબર, ૨૦૧૧ થી ૧૪ ઓકટોબર, સુધી બજારનો રિવ્યૂ

બજારનો રિવ્યૂ



પ્રકાશ ગાબા
મો. ૯૩૨૨૨૧૦૯૦૭
prakashgaba@hotmail.com
http://www.prakashgaba.com

**નિફ્ટી (૪૮૮૮)**
**સેન્સેક્ષ (૧૬૨૩૩)**
**તા. ૦૭.૧૦.૧૧**

અમોએ જણાવેલ કે 'ટેકનીકલી બજાર દીશાવિહિન વિશિષ્ઠ સાઈડવે ઝોનમાં છે. તે નીચે તરફ ૪૮૦૦ ની સપાટી સુધી સરકી શકે તેવી શકયતાઓ છે, કારણ કે ૫૦૩૭ એ કઠીન પ્રતિકારક સપાટી છે અને જો ૫૦૩૭ ની સપાટી ઉપર બ્રેકઆઉટ આપે તો બજાર ઉપર તરફ ૫૧૫૩-૫૨૦૮નો ગાળો દર્શાવી શકે પરંતુ શું આમ બની શકશે ? તે એક મોટો પ્રશ્ન છે.

ટ્રેડીંગના વ્યૂહની દ્રષ્ટિએ હું ૫૦૩૭ ની સપાટી ઉપર નજર રાખું અને તે નીચે શોર્ટ કરૂં''

બજાર ગત સપ્તાહે અપેક્ષા મુજબ જ નબળું રહ્યું અન ૪૮૦૦ ની સપાટી સુધી નીચે આવ્યું અને સપ્તાહને અંતે રેડમાં બંધ આવ્યું.

ટેકનીકલી બજારે ૪૭૫૦ની સપાટી પાસે વચગાળાની કેટલિક તળિયાની સપાટી દર્શાવી છે અને તેથી એવી શકયતાઓ છે કે બજાર કપરી સાઈડવે પ્રવૃત્તિ સાથે દીવાળી સુધી થોડી રાહત દર્શાવે, અને આવનાર દિવસોમાં ઉર્ધ્વગતિની મર્યાદા ૫૧૧૭ રહે.

ટ્રેડીંગના વ્યૂહની દ્રષ્ટિએ હું ૪૭૫૦ ની સપાટી તરફ નજર રાખું અને ખરીદી કરીને વેપાર કરું.

SmartProfit
Stocks & Derivatives Consultants
Jain Estate, Jakeria Road, Malad (West) Mumbai-400064. Tel : 022-2880 2636
Email id : info@smartprofit.in ■ Website : www.smartprofit.in

## નિફ્ટી હવે ૫૨૧૧ આવશે તે નક્કી

શરદ કોટક

## એસ્ટ્રો ગાઈડ



કીર્તિકુમાર બી.શાહ
મો. ૯૪૨૮૧૯૨૬૫૯

# ત્રિમાસિક ગાળાનાં પરિણામો નબળાં આવવાની ચર્ચા

તા. ૪ મંગળવારથી શુક્રો પોતાની જ રાશી તુલામાં સ્વગૃહી બન્યો છે. શુક્ર અને બુધ બંને એવા ગ્રહો છે જે સૂર્યની આગળ - પાછળ કે સૂર્યની સાથે રહેતા હોય છે. શુક્ર અને બુધ કોઈ પણ રાશિમાં એકલા બેઠા હોય ત્યારે મંદી કારક બને છે. તા ૪ થી શુક્ર તુલા રાશીમાં એકલો જ હતો. પરંતુ તેની સાથે કોઈ ગ્રહ નથી છતાંય મંગળ અને ગુરુની દ્રષ્ટિતો છે જ. શુક્રોનો પ્રભાવ કોટન મિલ્સ, પરફ્યુમ અને કોસ્મેટિકસ, ફોટોગ્રાફિક કંપનીઓ, હેન્ડીક્રાફ્ટ અને સાડી ઉદ્યોગ તેમ જ એન્ટરટેઈનમેન્ટસ કંપનીઓ ઉપર પડે છે.

તા. ૯ રવિવારે ૧૧.૩૪ થી બુધ ગ્રહ તુલા રાશીમાં આવ્યો છે. તુલા રાશીમાં શુક્ર અને બુધની યુતિ બની છે. બુધના કાર્યક્ષેત્રની કંપનીઓ નીચે પ્રમાણે છે.

૧. મોટર, કાર કંપનીઓ
૨. ટ્રાન્સપોર્ટ કંપનીઓ
૩.પ્રેસ, પ્રિન્ટીંગ, ન્યૂઝ પેપર કંપનીઓ
૪.ટેલી કોમ્યુનિકેશન કંપનીઓ
૫. કમ્પ્યૂટર કંપનીઓ
૬.ફિનીંગ મિલ્સ

આ બુધ અને શુક્રની યુતિ પર મંગળ અને ગુરુ ગ્રહની દ્રષ્ટિ પડે છે.

### આ સપ્તાહ

આ સપ્તાહે વૈશ્વિક પરિસ્થિતી તેમજ ભારતમાં ઘર આંગણાની રાજકીય પરિસ્થિતિ જોતાં બજારનો રૂખ મંદી તરફી રહેવાની શકયતા છે. જુલાઈ થી સપ્ટેમ્બરના બીજા ત્રિમાસીક ગાળાનાં પરિણામો નબળાં આવવાની ચર્ચા છે. આ અનિશ્ચિત પરીસ્થિતિ સેન્સેક્ષને તોડી શકે. તા. ૬ કદાચ જ તેજીની બને.

### ટ્રેડીંગ સંભાવના

એસીસી, ગુજરાત અંબુજા, અલ્ટ્રાટેક, મેંગલોર કેમિકલ, ટાટા કેમિકલ, એબીબી, આલ્સટોમ પ્રોજેકટ, હવેલ્સ ઈન્ડિયા, વિડિયોકોન, ડાબર ઈન્ડિયા, જયપ્રકાશ એસો. તાતા મેટાલિક, સ્ટર્લીંગ હોલિડે રિસોર્ટ, એ એન જી સી, મહિન્દ્ર - મહિન્દ્ર,

### ફયુચર ટ્રેડીંગ

ભારતીય એરટેલ, બટા, જેટ એરવેઝ, અબાન ઓફશોર, ટાટા મોટર્સ, ભેલ, એસ્સાર ઓઈલ, કેનેરા બેંક, સ્ટરલાઈટ,

### હાઈ રિસ્ક હાઈ પ્રોફિટ

ડો. રેડ્ડી, ડેવીસ લેબ, કેડીલા હેલ્થ કેર, હીરો મોટો કોર્પ, અનંતરાજ ઈન્ડ. ગોદરેજ કન્ઝયુ, કોટક મહિન્દ્રા, ટી સી એસ, ફેડરલ બેંક, દિવાન હાઉસીંગ, ઓ એન જી સી, નેશનલ ફર્ટિલાઈઝર્સ

### ડાર્ક હોર્સ

એપોલો હોસ્પિટલ, સન ફાર્મા, બજાજ ઓટો, ટાટા પાવર, એન ટી પી સી, ભારત ફોર્જ, હોટલ લીલા, આઈ ડી એફ સી, ટિસ્કો, એજયુકોમ્પ, પાવર ગ્રીડ અને સેઈલ

### અત્યંત ટૂંકા ગાળા માટે

ડી સી એચ એલ, એન એચ પી સી, હિન્દ કોર્પ, અદાણી પાવર, સુપર સ્પિનિંગ, સેસા ગોવા, લ્યુકો બેંક, ઈન્ડિયા બુલ્સ પાવર, જી વી એલ એગ્રો, માઉન્ટ એવરેસ્ટ, ટીન પ્લેટ, ઓર્ચિડ કેમિકલ, ઓટોમોટિવ, ગ્રેફાઈટ ઈન્ડિયા, એમ ટી એન એલ.

# મંદીથી ગભરાશો નહીં, ભારતીય ઉદ્યોગોને કોઈ માઠી અસર પડવાની નથી

### સ્ટોપ, લૂક, એન્ડ ગો ની નીતિ અપનાવો.

સપ્તાહમાં બજારમાં ભારે અફડા તફડી જોવા મળી. આવનાર સપ્તાહમાં પણ જોખમી વધઘટ જોવા મળશે. પરંતુ દરેક ઘટાડે એ ગ્રુપમાં સામે પડીને તબકબ્કાવાર ખરીદી કરી જરૂર નફો મળશે. યુરોપની આર્થિક કટોકટીની સમસ્યા સમગ્ર વિશ્વને મંદી તરફ ધકેલી રહી છે. પરંતુ ભારતી માર્કેટને તેની લાંબી અસર પડશે નહીં, તેમ રોકાણકાર મિત્રોએ આવી મંદીની તકનો યોગ્ય લાભ ઉઠાવવો જોઈએ. ભારતના કોઈ જ ઉદ્યોગને એક યા બીજી રીતે આ મંદી નડવાની નથી. માત્ર નવી મૂડી રોકાણ એફ આઈ આઈ તરફથી ટુંક સમય માટે ઓછું થઈ શકે તેમ છે.

પરંતુ ના કારણે ભારતીય બજારો પર લાંબી અસર પડી શકે તેમ નથી. વિશ્વની મંદી સામે ભારતીય બજારમાં ગભરાટભરી વેચવાલી આવી શકે છે. જેમાં ફાયદો મધ્યમ ગાળાના રોકાણકારોએ જરૂરૂ ઉઠાવવો. આ મંદી ભારતીય બજારોમાં લાંબી નહીં ચાલે જેનો સાક્ષી ઈતિહાસ છે. આ પહેલાં ગ્રીસ, યુરોપ, યુ એસ એમાં મહામંદી જોવા મળી હતી. જેના લીધે ભારતીય બજારોમાં કડાકો જોવા મળ્યો હતો, અને પછી પાછળથી પ્રભાવી ઉછાળો જોવા મળ્યો હતો. તેજી મંદી તેજીનું ચક્ર ચાલ્યા જ કરવાનું છે. તેથી મિત્રો ઉતાવળો કોઈ નિર્ણય લેવો નહીં અને ધીરણ પૂર્વક કામ કરવું. ઓવર નાઈટ મોટી પોઝીશન લેવી નહીં. 'ચાદર લાંબી હોય તેટલા જ પગ લાંબા કરવા '. ઈન્ફોસીસનું રિઝલ્ટ, પી ચિદમ્બરમ સામેનો ચુકાદો બજારમાં જોખમી વધઘટ લાવી શકે છે. તેથી આવનાર સપ્તાહ જોખમી બની રહેશે. જેથી તેલ જુઓ, તેલની ધાર જુઓ, તેમ માૃકેટ સાથે ઈન્ટ્રાડે ટ્રેડરોએ ફરી જવું યોગ્ય સ્ટોપલોસ રાખી વેપાર કરવો.

## બેસ્ટ ટીપ્સ



રૂપેશ શાહ
મો. ૯૪૨૮૭૩૨૫૭૨
rup947@yahoo.co.in

**(૧) બજાજ ઓટો (૧૫૦૩.૭૫)** :- આ સ્કીપમાં નજીકના **૧૪૯૬** અને દૂરના**૧૪૮૮** સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં **૧૫૧૧** આ ઉપર **૧૫૨૪**આ ઉપર **૧૫૩૫** થી **૧૫૫૩** નો ભાવ જોવા મળે.

**(૨) ડીવીસ લેર્બ (૭૨૩.૫૦) :-** આ સ્કીપમાં નજીકના **૭૧૭** અને દૂરના **૭૧૨** સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં **૭૨૭** આ ઉપર **૭૩૪** આ ઉપર **૭૪૦** થી **૭૪૨** નો ભાવ જોવા મળે.

**(૩) અબાન (૩૪૭.૨૦૧) :-** આ સ્કીપમાં નજીકના **૩૪૨** અને દૂરના **૩૩૬** સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં **૩૫૩** આ ઉપર **૩૫૮** આ ઉપર **૩૬૪** થી **૩૭૨** નો ભાવ જોવા મળે.

**(૪) ભેલ (૩૨૩.૧૦) :-** આ સ્કીપમાં નજીકના **૩૧૭** અને દૂરના **૩૧૧** સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં **૩૨૮**આ ઉપર **૩૩૪** આ ઉપર **૩૪૨ થી ૩૪૭** નો ભાવ જોવા મળે.

**(૫)સી એમ સી (૮૦૦.૧૦) :-** આ સ્કીપમાં નજીકના **૭૯૩**અને દૂરના **૭૮૬** સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં **૮૦૭** આ ઉપર **૮૧૮** આ ઉપર **૮૨૬** થી **૮૩૭** નો ભાવ જોવા મળે.

**(૬) બી ઓ આઈ (૩૧૨.૩૫)** :- આ સ્કીપમાં નજીકના **૩૦૭** અને દૂરના **૩૦૨** સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં **૩૧૭** આ ઉપર **૩૨૩** આ ઉપર **૩૩૦,** આ ઉપર **૩૩૬** નો ભાવ જોવા મળે.

# અઠવાડિક સપોર્ટ અને રેજીસ્ટન્ટ લેવલ



અનુરાગ ગુપ્તા
મોબાઈલ : ૦૯૨૫૫૧૯૧૬૪૩
Email : anuraghsr@yahoo.com

તા. ૧૦ ઓકટોબર થી ૧૪ ઓકટોબર, ૨૦૧૧

| SYMBOL | CLOSE | TREND | RES2 | RES1 | TREND LEVEL | SUPP1 | SUPP2 |
|---|---|---|---|---|---|---|---|
| SYMBOL | CLOSE | TREND | RES2 | RES1 | TREND LEVEL | SUPP1 | SUPP2 |
| ABB OCT | 669.80 | BEARISH | 714.60 | 692.20 | 679.60 | 657.20 | 644.60 |
| ACC OCT | 1108.80 | BULLISH | 1154.93 | 1131.87 | 1103.93 | 1080.87 | 1052.93 |
| ABAN OCT | 342.20 | BULLISH | 366.70 | 354.45 | 336.75 | 324.50 | 306.80 |
| ADANIENT OCT | 465.00 | BEARISH | 548.33 | 506.67 | 478.33 | 436.67 | 408.33 |
| APIL OCT | 517.10 | BEARISH | 541.27 | 529.18 | 507.92 | 495.83 | 474.57 |
| ARVIND OCT | 96.35 | BEARISH | 107.25 | 101.80 | 97.45 | 92.00 | 87.65 |
| AUROPHARMA OCT | 121.15 | BEARISH | 126.48 | 123.82 | 121.18 | 118.52 | 115.88 |
| AXISBANK OCT | 1025.45 | BULLISH | 1088.68 | 1057.07 | 1001.18 | 969.57 | 913.68 |
| BAJAJAUTO OCT | 1506.90 | BEARISH | 1577.53 | 1542.22 | 1511.68 | 1476.37 | 1445.83 |
| BANKNIFTY OCT | 9043.00 | BEARISH | 9719.70 | 9381.35 | 9009.65 | 8671.30 | 8299.60 |
| BHEL OCT | 324.90 | BEARISH | 337.20 | 331.05 | 320.35 | 314.20 | 303.50 |
| BOMBADYEING OCT | 374.80 | BULLISH | 393.60 | 384.20 | 368.60 | 359.20 | 343.60 |
| CENTURYTEX OCT | 294.35 | BEARISH | 315.38 | 304.87 | 293.43 | 282.92 | 271.48 |
| COALINDIA OCT | 338.45 | BULLISH | 358.12 | 348.28 | 331.67 | 321.83 | 305.22 |
| EDUCOMP OCT | 254.15 | BULLISH | 277.22 | 265.68 | 246.97 | 235.43 | 216.72 |
| GAIL OCT | 412.95 | BULLISH | 431.92 | 422.43 | 411.97 | 402.48 | 392.02 |
| GRASIM OCT | 2342.10 | BULLISH | 2513.20 | 2427.65 | 2334.45 | 2248.90 | 2155.70 |
| HDFC OCT | 647.80 | BULLISH | 683.17 | 665.48 | 640.52 | 622.83 | 597.87 |
| HDFCBANK OCT | 451.80 | BEARISH | 474.00 | 462.90 | 450.45 | 439.35 | 426.90 |
| ICICIBANK OCT | 825.70 | BEARISH | 913.37 | 869.53 | 817.42 | 773.58 | 721.47 |
| INFOSYS OCT | 2871.85 | BULLISH | 2963.02 | 2917.43 | 2868.72 | 2823.13 | 2774.42 |
| JINDALSTEEL OCT | 484.70 | BEARISH | 528.60 | 506.65 | 475.20 | 453.25 | 421.80 |
| JSWSTEEL OCT | 566.65 | BEARISH | 609.45 | 588.05 | 560.50 | 539.10 | 511.55 |
| KOTAKBANK OCT | 448.60 | BEARISH | 474.70 | 461.65 | 443.95 | 430.90 | 413.20 |
| MARUTI OCT | 1113.55 | BULLISH | 1153.95 | 1133.75 | 1103.70 | 1083.50 | 1053.45 |
| NIFTY OCT | 4898.60 | FLAT | 5067.83 | 4983.22 | 4854.38 | 4769.77 | 4640.93 |
| ONGC OCT | 265.70 | BEARISH | 275.77 | 270.73 | 266.42 | 261.38 | 257.07 |
| RANBAXY OCT | 517.35 | BULLISH | 544.22 | 530.78 | 515.57 | 502.13 | 486.92 |
| RELCAPITAL OCT | 322.40 | BULLISH | 339.97 | 331.18 | 321.22 | 312.43 | 302.47 |
| RELIANCE OCT | 805.60 | BEARISH | 837.43 | 821.52 | 793.03 | 777.12 | 748.63 |
| SBIN OCT | 1756.95 | BEARISH | 1952.98 | 1854.97 | 1783.98 | 1685.97 | 1614.98 |
| VIPIND OCT | 878.00 | BEARISH | 919.93 | 898.97 | 867.83 | 846.87 | 815.73 |
| WIPRO OCT | 334.95 | BEARISH | 356.98 | 345.97 | 335.48 | 324.47 | 313.98 |

### વેચાણ કરતા પહેલા સમજવા જેવી વાતો :- ટ્રેડીંગ ગાઈડ લાઈન :-

૧) આ મોડેલ એ ટ્રેન્ડ લેવલ પર આધારિત છે જે ખૂબ જ મહત્ત્વનું પ્રાઈઝ લેવલ છે જે ઈન્ટ્રાડે ટ્રેન્ડ નક્કી કરે છે. એ પ્રમાણે જ જે પ્રમાણે ખૂબ જ પવનથી બારણા અને દરવાજા હવામાં ઝૂલે છે તે જ પ્રમાણે આ ટ્રેન્ડ લેવલથી ઈન્ટ્રાડે ટ્રેન્ડમાં પણ આ જ પ્રમાણે હલચલ જોવા મળે તેમજ આ ટ્રેન્ડ લેવલ પણ એ જ પ્રકારે ડીમાન્ડ-સપ્લાય, વોલાટીલીટી અને માર્કેટમાં ઉદ્‌ભવાય માર્કેટ સેન્ટીમેન્ટ વગેરેને કારણે હલચલ પામે છે. છતાં પણ આ બધું જ ઈન્ટ્રાડે ટ્રેડીંગમાં મહત્ત્વનું છે.

૨) આગળના દિવસના બંધ ભાવને જ લગભગ કન્સીડર કરીને જ ઓપનીંગ પ્રાઈસ આવે છે જો ભાવ અસામાન્ય રીતે ઊંચા હોય તો ખરીદવાનું ટાળો અને જો ભાવ આગળના બંધ ભાવ કરતા નીચા હોય તો વેચવાનું ટાળો.

૩) જો બજાર ભાવ ટ્રેન્ડ લેવલ કરતા ઉપર સ્થિર હોય તો લાંબાગાળા માટે ખરીદી શકાય આ વખતે રેસીસ્ટન્ટ લેવલ (રેસ.૧ અને રેસ.૨)ને ધ્યાનમાં રાખીને નફો બુક કરો.

૪) જો બજાર ભાવ ટ્રેન્ડ ગાળા લેવલ કરતાં નીચે સ્થિર હોય તો ટૂંકા ગાળા માટે આગળ વધો અને સપોર્ટ લેવલ (સર્પોટ.૧ અને સપોર્ટ.૨)ને ધ્યાનમાં રાખીને નફો બુક કરો.

૫) સ્ટોપલોસ :- ઈન્ટ્રાડે ટ્રેડથી શરૂઆતમાં તમે એ બાબતે જાણકાર હોય કે વળતર કેટલું રહેશે. (કે જે એન્ટ્રી પ્રાઈઝ અને નફાના ટાર્ગેટની વચ્ચેનો ડીફરન્સ હોય) તો તમે તમારી જાતને બજારમાં થતા ચડાવ ઉતારથી બચાવવા માટે લગભગ ૧% ઉપર નીચેનો સ્ટોપલોસ રાખીને આગળ વધી શકો.

૬) ઓલટરનેટ સ્ટ્રેટેજી :- એ સિવાયની બીજી માર્કેટ સ્ટ્રેટેજી :- જો તમે પહેલેથી જ ચોખ્ખો- ચટ નફો અને સ્ટોપલોસ લેવલને ધ્યાનમાં રાખીને ટ્રેડ કરેલ હોય અને એ વખતે જો બજાર બીજા રસ્તે જતુ દેખાય અથવા પલટી ખાય અને ટ્રેન્ડ લેવલને ઓળંગી જાય તો ફરી વખત ટ્રેડ કરો. જેમ કે, તમે પહેલા કરેલ ટ્રેડ લાંબા ગાળા માટે હતું અને બજાર ભાવ નીચે આવે અને ટ્રેન્ડ લેવલ નીચું જાય તો ટૂંકાગાળા માટે રોકાણ કરો, એજ પ્રમાણે જો તમે ટૂંકાગાળા માટે રોકાણ કરી રહયા હોય અને બજારમાં અચાનક ભાવ વધી ટ્રેન્ડ લેવલ ઊંચુ આવે તો પછી તમે લાંબા ગાળા માટે રોકાણ કરી શકો.

## પેનિક એન્ડ પ્રોફીટ



નિશેષ એમ. જાની
મો. ૯૩૭૬૮૫૮૨૮૪

નમસ્કાર મિત્રો,

ગત સપ્તાહમાં બજાર ૧.૩ ટકાના ઘટાડા સાથે બંધ રહ્યું. ટેકનીકલ નિફ્ટી ૫૨૪૭ની રેન્જ વચ્ચે ટ્રેન્ડ કરે.

**એકસીસ બેંક**

દૈનિક ચાર્ટ પર હેડ એન્ડ શોલ્ડર્સની રચના કરેલ છે. લક્ષાંક ૮૦૦-૬૫૯-૫૫૭ આવનારા સપ્તાહમાં ઘટાડામાં જોવા મળશે.

**પેટ્રોનેટ એલ એન જી**

ઈલીયટ વેવ-૩ શરૂ થયેલ છે. ૧૦૫ નો સ્ટોપલોસ રાખી ૨૦૩ થી ૨૯૭ સુધીના લક્ષાંક રાખી શકાય.

**અલ્હાબાદ બેંક**

લાંબા ગાળની રૂખ નકારાત્મક લાગે છે. શેર રૂ. ૪૫ સુધી ઘટી શકે છે.

**હિન્ડાલ્કો**

લાંબા ગાળાની રૂખ નકારાત્મક લાગે છે. આ શેર રૂ. ૪૫ સુધી ઘટી શકે છે.

**કે એસ વી પંપ**

લાંબા ગાળાની રૂખ નકારાત્મક લાગે છે, શેર રૂ. ૧૧૦ સુધી ઘટી શકે છે.

**અદાણી એન્ટર પ્રાઈઝ**

લાંબા ગાળાની રૂખ નકારાત્મક છે. શેર ૨૩૯ થી ૧૨૫ સુધી ઘટી શકે છે.

**બેંક નિફ્ટી**

લાંબા ગાળાની રૂખ નકારાત્મક છે. ૩૪૦૦ સુધીનો ઘટાડો આવી શકે છે.

**લાર્સન એન્ડ ટુબ્રો**

સાપ્તાહિક ચાર્ટ પર હેડ એન્ડ શોલ્ડર બનાવેલ છે. આ શેર રૂ. ૭૫૦ સુધી ઘટી શકે તેમ છે.

**નિફ્ટી**

લાંબા ગાળાની રૂખ નકારાત્મક છે. ૩૬૦૦ - ૩૭૦૦ - ૨૮૦૦ ની સપાટી બતાવી શકે.

**સેન્સેક્ષ**

લાંબા ગાળામાં ૧૧૪૦૦ થી ૮૭૦૦ ની સપાટી દર્શાવી શકે.

## ડીલીવરી બેઈઝ કોલના સ્ટોપલોસ

સ્ટોપલોસ નીચે બંધ આવે પછી આ શેરમાંથી નિકળવું

| શેરનું નામ | સ્ટોપલોસ |
|---|---|
| અરવિંદ | રૂ. ૮૬ |
| ગુજરાત ફલોરો | રૂ. ૪૯૨ |
| આઈ જી એલ | રૂ. ૪૦૭ |
| એમ ટેક ઈન્ડિયા | રૂ. ૧૧૮ |
| લા ઓપાલા | રૂ. ૯૮ |
| સુઆવે હોટલ | રૂ. ૧૦૨ |

## જાહેર નોટિસ

મેઘા ઈન્વેસ્ટમેન્ટસ એન્ડ રીસર્ચના લીગલ માલિક નિશેષભાઈ જાની છે.

જેની સર્વેએ નોંધ લેવી. જેની વિગત નીચે મુજબ છે.

નામ : મેઘા ઈન્વેસ્ટમેન્ટસ એન્ડ રિસર્ચ

અરજીનો સર્વે નંબર : ૨૨૮/૨૦૧૦-૧૧

ફર્મ નંબર : જીયુજે/એએમએસ/૩૮૯૨૫

(નોધ : જો કોઈ આ નામનો ગેરઉપયોગ કરશે અથવા પોતાના ધંધાકીય સ્વાર્થ માટે ઉપયોગમાં લેશે તો તે સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.)

# સ્ટીલમાં વિશેષ હલચલ

## એસ્ટ્રોમની ગુરૂ



કર્નલ અજય
મો. 09414056705
www.astromoneyguru.com

સન ૨૦૧૧ ના ઓકટોબર માસના ત્રીજા સપ્તાહમાં સૂર્ય અને શનિ ગ્રહની યુતિ કન્યારાશીમાં થશે. બુધ અને શુક્ર તુલા રાશીમાં ભ્રમણ કરી રહેલ છે. ખૂબ જ મહત્વનો ગ્રહ મંગળ શુક્ર પર ચતુર્થ દ્રષ્ટિ નાખી રહેલ છે. આ બધી ગ્રહ રચનાઓ મિશ્રીત રૂખની રચના કરે છે.

અમારા પાછળના લેખમાં અમે કાચા તેલમાં સપ્તાહના પ્રથમ માસમાં નબળાઈની ભવિષ્યવાણી કરેલ હતી, જે સાચી નિકળી છે. રોકાણકારોને યોગ્ય સમયે નફો બુક કરવા માટે ભલામણ છે.

આ સપ્તાહે પણ કાચા તેલમાં વિશિષ્ઠ ગતિવિધિઓ જોવા મળશે, તેથી કાચા તેલમાં વાયદાના વેપારમાં ખાસ ધ્યાન રાખવું. ઓકટોબર માસના ત્રીજું સપ્તાહ ઈસ્પાત ઉદ્યોગ માટે ખાસ સ્થાન ધરાવે છે. વિત્તિય જયોતિષ અનુસાર આવના સમયમાં એટલે કે લગભગ ૧૫ દિવસમાં લોખંડ અને ઈસ્પાત ઉદ્યોગમાં ખાસ ધ્યાન રાખવાની જરૂરૂ છે. રાજકીય મુશ્કેલીઓ, કાચો માલ અથવા તો રાષ્ટ્રીય તેમ જ આંતરરાષ્ટ્રીય સ્તર પર સ્ટીલની માંગમાં વધારાની સંભાવના થઈ શકે છે. જયોતિષના માધ્યમથી આવવા વાળી માંગ તેમ જ ભવિષ્યના ઉતાર ચઢાવનું પૂર્વાનુમાન થઈ શકે છે. જો વ્યાપારી તેમ જ રોકાણકારોએ સમય પર વિશેષ કોમોડીટી પર ધ્યાન રાખીને માલ ખરીદશે તો આવવા વાળા સમયમાં વધુ લાભ થવાની સંભાવના છે. મધ્યમ ગાળામાં રોકાણકારોએ સ્ટીલ, સિમેન્ટ વગેરે શેર પર આ સપ્તાહે નજર રાખવી. હાલના સમયમાં ગ્રહોની સ્થિતિને કારણે આખા વિશ્વમાં આર્થિક મુશ્કેલીઓનો દોર ચાલી રહેલ છે. ઘણા વર્ષોથી પશ્ચિમની અર્થવ્યસ્થા મજબૂત છે તેમ પુરું વિશ્વ માનતું હતું પરંતુ ગુરુ અને શનીના કારણે ભૂતાન, સ્પેન, ઈટલી, વગેરે દેશોની અર્થવ્યવસથામાં મુશ્કેલીનો દોર ચાલુ થયેલ છે. એવી પણ શકયતા છે કે યોગ્ય મદદ મળવાને કારણે યુરોપની અર્થવ્યવસ્થા થોડા સમય માટે સારી થઈ શકે પરંતુ ડીસેમ્બર - જાન્યુઆરી ૨૦૧૨ સુધી તેમાં સામાન સુધારની સંભાવના બની રહેલ છે. આથી રોકાણકારો હાલના સમયે ટાટા સ્ટીલ, સ્ટીલ ઓથોરીટી ઓફ ઈન્ડિયા (સેઈલ) કેરન ઈન્ડિયા વગેરે શેરો પર નજર રાખે તે હીતાવહ રહેશે. શેરબજારમાં સટ્ટેબાજીથી બચવાની સલાહ છે. આ સપ્તાહ સિંહ રાશીના રોકાણકારો માટે સાવધાની રાખવાની જરૂર છે. ભોગ ધારક ગહ્ર મંગળ નીચ રાશીમાં, સૂર્ય શનિ ગ્રહથી પિડિત છે. ચંદ્રમા પણ આ રાશી માટે તકલીફ ઉભી કરી શકે છે. તેથી સિંહ રાશીના રોકાણકારોએ સાવધાની રાખવી જોઈએ.

શેર બજારની રોજની અપડેટેડ વિગતો માટે વેબસાઈટ www. theeconomicrevolution.com જોતા રહો

# વૈશ્વિક બજારોમાં આવેલા પ્રત્યાઘાતી સુધારાની સાથે ભારતીય શેર બજારમાં પણ દશેરાની ધામધૂમરૂપી પ્રત્યાઘાતી સુધારો

**બેસ્ટ સ્ક્રીપ ઓફ ધી વીક**
**એચ ડી આઈ એલ લી.**
**બીએસઈ કોડ ૫૩૨૮૭૩**
**હાલનો ભાવ રૂ.૯૩**

ઉપર જણાવ્યા મુજબ ગત સપ્તાહમાં શરૂઆતથી જ મંદીના વમળમાં ફસાયેલ વિશ્વનાં તમામ શેરબજાર તેમ જ કોમોડીટી બજાર ગુરુવારના રોજ એટલે કે ભારતના સાંસ્કૃતિક તહેવાર દશેરાના દિવસે, કે જે દિવસે અધર્મ પર ધર્મનો વિજય થયો હતો, તે દિવસે ભારતીય શેરબજારો તો બંધ હતાં પરંતુ વિશ્વનાં બજારોમાં અચાનક લેવાલી જોવા મળી, અને યુરોપ, અમેરિકા તેમ જ એશિયાના ભારત સિવાયનાં તમામ બજારોમાં તિવ્ર ઉછાળો જોવા મળ્યો. અને તેના કારણે ભારતીય શેર બજારોમાં

**સર્કિટ ૨ સર્કિટ (અપર)**



**અશ્વિન શાહ**
**મો. ૯૯૨૫૦૦૨૬૧૯**
**(કે.પી. કમાલ) મુંબઈ**
www.theeagleinvestor.co.in

શુક્રવારના રોજ લગભગ ૫૦૦ પોઈન્ટના ઉછાળા સાથે સેન્સેક્ષ ૧૬૨૩૨ પોઈન્ટે બંધ આવ્યો

આવતા સપ્તાહમાં ઓછા જોખમે સારું વતળર આપી શકે તેવા પાંચ લગડી શેરોની અહીં ભલામણ કરૂં છું.

**એપ્ટેક લી.**
**બીએસઈ કોડ ૫૩૨૪૭૫**
**હાલનો ભાવ રૂ.૧૧૨**

શેરબજારના જાણીતા બીગબુલ ટ્રેડર્સ રાકેશ ઝૂનઝુનવાલા દ્વારા પ્રમોટ કરાયેલ આઈટી એજયુકેશનના વ્યવસાય સાથે સંકળાયેલ આ કંપની છેલ્લા થોડા દિવસથી તેજીની ચાલ દર્શાવી રહેલ છે તેમ જ છેલ્લા એક માસથી આ શેર ભારે વોલ્યુમ સાથે ટ્રેડ થઈ રહેલ છે. કંપનીમાં બે થી ત્રણ વર્ષના લાંબા ગાળાના રોકાણકાર માટે આ શેરમાં હાલના ભાવે રોકાણ કરવાની ઉત્તમ તક છે.

**એચ ડી આઈ એલ લી.**
**બીએસઈ કોડ ૫૩૨૮૭૩**
**હાલનો ભાવ રૂ.૯૩**

ઈન્ફ્રાસ્ટ્રકચર તેમ જ હાઉસીંગ ડેવલપમેન્ટના વ્યવસાય સાથે સંકળાયેલ આ કંપનીનો શેર તેની આઈ પી ઓ પ્રાઈઝ ૪૭૦ કરતાં ખૂબ જ મોટા ડીસ્કાઉન્ટમાં ઉપલબ્ધ છે. તો કંપનીનું ફન્ડામેન્ટલ જોતાં આ કંપનીમાં હાલના ભાવે રોકાણ કરવામાં ગુમાવવાના ૨ અને કમાવાના ૨૦ છે.

**ઓર્ચિડ કેમિકલ લી.**
**બીએસઈ કોડ ૫૨૪૩૭૨**
**હાલનો ભાવ રૂ.૧૫૫**

ફાર્માસ્યુટિકલના વ્યવસાય સાથે સંકળાયેલ આ કંપની વાયગ્રાનો કાચો માલ બજાવવામાં મોખરાનું સ્થાન ધરાવે છે. આ કંપનીમાં જાણીતા બીગબુલ રાજેશ ઝૂનઝૂનવાલાનું ૨ ટકા હોલ્ડીંગ છે. કપનીનું ફાન્ડામેન્ટલ જોતાં આ કંપનીમાં હાલના ભાવે રોકાણ કરવાની ઉમદા તક છે.

**શીપીંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લી.**
**બીએસઈ કોડ ૫૨૩૫૯૮**

**આવતા સપ્તાહે ગ્રુપના શેરોમાં પ્રત્યાઘાતી સુધારો જોવા મળે**

**હાલનો ભાવ રૂ.૬૮**

શીપીંગના વ્યવસાય સાથે સંકળાયેલ સરકારી જાહેર ક્ષેત્રની આ કંપની હાલ પાણીના ભાવે ઉપલબ્ધ છે. કપની નિયમિત રીતે ૩૦ ટકા ડિવિડન્ડ આપે છે તો હાલના ભાવે આ કંપનીમાં રોકાણ કરવામાં ગુમાવવાના રૂ. ૨ અને કમાવવાના રૂ. ૨૦ છે.

**પુંજ લોઈડ લી.**
**બીએસઈ કોડ ૫૩૨૬૯૩**
**હાલનો ભાવ રૂ.૫૪**

એન્જીનીયરીંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વ્યવસાય સાથે સંકળાયેલ આ કંપની મીની એલ એન્ડ ટી જેવું સ્ટેટસ ધરાવે છે. કંપની પાસે જંગી પ્રમાણમાં ઓર્ડર છે. કંપની હાલ તેની પર સપ્તાહની નીચી સપાટીની આસપાસ ઉપલબ્ધ છે. લાંબા ગાળા માટે રોકાણ કરી શકાય.

**એચ ડી આઈ એલ ના શેર પોર્ટફોલિયોમાં વસાવો અને ૨ વર્ષ પછી તમારા કુટુંબને હિન્દુસ્તાનની સફર કરાવો**

# ૪૭૨૦-૪૭૫૮ મજબૂત ટેકાનો ગાળો

**તા.૦૮/૧૦/૨૦૧૧**

**નિફ્ટીની રેન્જ ૪૭૨૦ - ૫૧૭૦**

ગત સપ્તાહે બજાર બે ગેપ વચ્ચે સમતુલિત રહેલ હતું, જેમ કે ફેલીંગ ગેપ કે જે પ્રતિકારક સપાટી તરીકે કાર્ય કરે છે અને રાઈજીંગ ગેપ કે જે ટેકાની સપાટી તરીકે કાર્યક રે છે. મંદીમય કેન્ડલની રચના (બે સપ્તાહ પહેલાં છેલ્લું ઈનગલ્ફીંગ ટોપ રચાયેલ) સૂચવી રહી છે કે બજાર હજુ નીચે જશે અને તે રાઈજીંગ ગેપને પુરીને આમ બન્યું. આ કારણે બજાર ૪૭૨૦ની ટેકાની સપાટી સુધી પાછું ધકેલાઈ ગયું અનો તે ફરી એક વાર બીઅર્સની કસોટી પર ખરૂં




**ફાયનાન્સિયલ જંગલનો શહેનશાહ**
**રોકાણકારોના હિત માટે સમર્પિત**

ઉતર્યું.ઉપર તરફ ૫૧૭૦ ની સપાટી મજબૂત પ્રતિકારક સપાટી છે, તેથી નિફ્ટી નીચે તરફ ૪૭૨૦ અને ઉપર તરફ ૫૧૭૦ ની સપાટી વચ્ચે રહેશે તેમ જણાય છે.

**ટેકનીકલ વાત**

ગત સપ્તાહે સેન્સેક્ષની શરુઆત ૧૬૨૫૫ પોઈન્ટથી થઈ, ૧૬૩૪૭ પોઈન્ટની ઉચ્ચતમ સપાટી દર્શાવી, ૧૫૭૪૫ પોઈન્ટની નિમ્ન સપાટી પણ દર્શાવી અને ૧૬૩૪૭ પોઈન્ટ ઉપર

**બજારની ગતિ હવે કઈ તરફનું ગાબડું પહેલાં પુરાય છે તે પર આધારિત છે.**

સાપ્તાહિક બંધ આપ્યો.આ રીતે સાપ્તાહિક ધોરણે સેન્સેક્ષે ૨૨૧ પોઈન્ટના ઘટાડા સાથે બંધ આપ્યો.

આ જ રીતે નિફ્ટીએ પણ સપ્તાહની શરૂઆત ૪૮૭૪ પોઈન્ટથી કરી, ૪૯૨૨ પોઈન્ટની ઉચ્ચતમ સપાટી દર્શાવી, ૪૭૨૮ પોઈન્ટની ની નિમ્ન સપાટી દર્શાવી અને ૪૮૮૮ ઉપર સાપ્તાહિક બંધ આપ્યો. આ રીતે નિફ્ટીએ સાપ્તાહિક ધોરણે ૫૫ પોઈન્ટના ઘટાડા સાથે બંધ આપ્યો.

વૈશ્વિક હકારાત્મક પ્રવાહોના કારણે શુક્રવારે ઉપર તરફની મોટા મજબૂત ગાબડા સાથે શરુઆત કરી દૈનિક ચાર્ટ પર સેન્સેક્ષ અને નિફ્ટી બંનેએ સ્પિનીંગ ટોપની રચના કરી. સાપ્તાહિક ચાર્ટ પર, સેન્સેક્ષ અને નિફ્ટી બંનેએ નાના કદની, લાંબા શેડો સાથેની કેન્ડલની રચના કરેલ છે. લાઈનમાં જ બીજા સપ્તાહે બંને ઈન્ડેક્ષો નીચે ધસી ગયા છે અને સેન્સેક્ષે ૧૫૭૬૫ અને નિફ્ટીએ ૪૭૨૦ની સપાટીએ ટેકો લીધેલ છે અને આ સપાટીએથી પરત ફરેલ છે. નીચે તરફનો લાંબો શેડો તે ટેકાની સપાટી કે જે નીચેની સપાટીએ છે તેની યાદ અપાવે છે.

ગત સપ્તાહે બંને ઈન્ડેક્ષો તેનો ટેકાની સપાટીનો ગાળો એટલે કે સેન્સેક્ષમાં ૧૫૭૪૫-૧૫૮૦૧ અને નિફ્ટીમાં ૪૭૨૦-૪૭૫૮ બાઉન્સબેક થયેલ છે. આ ટેકાની સપાટીને તૂટયા વગર સફળતા પૂર્વક ત્રણ વખત સ્પર્શ કરેલ છે. આ જ રીતે સેન્સેક્ષ અને નિફ્ટી બંનેએ અનુક્રમે પ્રતિકારક સપાટી ૧૭૨૧૧ અને ૫૧૭૦

**લાયન રો'ર**

**લાયન**
roar_lion@yahoo.com

નક્કી કરેલ છે. આ રીતે નિફ્ટીની ગતિ નીચે તરફ ૪૭૨૦ અને ઉપર તરફ ૫૧૭૦ વચ્ચે ચાલુ જ રહેશે.

ગત સપ્તાહે, ઈન્ડેક્ષ બે ગેપ વચ્ચે છટકામાં પકડાયેલ છે જેમ કે બેરીશ ફીલીંગ ગેપ અને બુલશ ઉપર તરફની ગેપ. બેરીશ ફેલીંગ ગેપ સેન્સેક્ષમાં ૧૬૮૩૩-૧૭૦૦૦ અને નિફ્ટીમાં ૫૦૫૯-૫૧૦૯ વચ્ચે છે જે મજબૂત પ્રતિકારક સપાટી તરીકે કાર્ય કરે છે.આ સપ્તાહે ઈન્ડેક્ષોએ સેન્સેક્ષમાં ૧૬૨૦૯-૧૬૨૮૨ અને નિફ્ટીમાં ૪૮૭૯-૪૯૦૫ ઉપરની તેજીમય ગેપ તોડી નાખેલ છે, કે જે ટેકાની સપાટીના ગાળા તરીકે કાર્ય કરતી હતી અને તેથી નીચે ચાલી ગયેલ છે. આ રીતે કોઈ પણ ઉપર તરફની ગતિ સેન્સેક્ષમાં ૧૬૮૩૩-૧૭૦૦૦ અને નિફ્ટીમાં ૫૦૫૯-૫૧૦૯ની આસપાસ પ્રતિકારક સપાટી ધરાવે છે.

સેન્સેક્ષ અને નિફ્ટી બંનેએ ફરી તેની




ટંકાગાળાની સરાસરી ૨૦ ડી એમ એ (સેન્સેક્ષ ૧૬૫૦૦ અને નિફ્ટી ૪૯૫૯) નીચે છે અને તેથી ટૂંકા ગાળાની રૂખ નીચે તરફ છે.બજાર મધ્યમ ગાળાની સરાસરી ૫૦ ડી એમ એ (સેન્સેક્ષ ૧૬૮૫૨ અને નિફ્ટી ૫૦૬૫) તેમ જ લાંબા ગાળાની સરાસરી ૨૦૦ ડી એમ એ (સેન્સેક્ષ ૧૮૨૪૧ અને નિફ્ટી ૫૪૭૪) થી સારાં એવાં નીચી સપાટીએ છે, **પરિણામે મધ્યમ ગાળાની અને લાંબા ગાળાની રૂખ નિમ્નમૂખિ રહેવા પામેલ છે.**

**આ પુલબેક સેન્સેક્ષમાં ૧૭૧૯૧ અને નિફ્ટીમાં ૫૧૬૮ની સપાટીએ અટકી ગયેલ હતું જે અગાઉની સપ્તાહની સપાટીથી થોડી નીચે છે કે જયાં પુલબેક સેન્સેક્ષ ૧૭૨૧૧ અને નિફ્ટી ૫૧૬૯ની સપાટીએ થંભી ગયેલ હતું . આ સામન્ય ટોચની પાસે જ ઘણી પ્રતિકારક શક્તિઓનો સંગમ થાય છે જેમ કે ટ્રેન્ડ લાઈન રેજીસ્ટન્સ, અને વચગાળાના ઘટાડાના ૩૮.૨ ટકા આ રીતે હવે સેન્સેક્ષમાં ૧૭૧૫૫-૧૭૩૧૧ અને નિફ્ટીમાં ૫૧૫૫-૫૧૮૮ની સપાટીએ મજબૂત પ્રતિકારક સપાટીનો ગાળો રચાયેલ છે.**

વિશાળ દ્રષ્ટિકોણથી જોઈએ તો બજાર સેન્સેક્ષની ૭૬૯૭ થી ૨૧૧૦૮ સુધીની અને નિફ્ટીની ૨૨૫૨ થી ૬૩૩૮ સુધીની સળંગ વૃધ્ધિથી સુધરી રહેલ છે. જો બજાર હાલની નીચેની સપાટી સેન્સેક્ષમાં ૧૫૭૬૫ અને નિફ્ટીમાં ૪૭૨૦ તોડે, તો બજાર સેન્સેક્ષ અને નિફ્ટીના સળંગ ઘટાડના ૫૦ ટકા અને ૬૧.૮ ટકા સપાટી તરફ ગતિ કરે.

**સૂચકાંકો (ઈન્ડેક્ષ)ની સપાટી**

| | S3 | S2 | S1 | CLOSE | R1 | R2 | R3 |
|---|---|---|---|---|---|---|---|
| Nifty | 4637 | 4728 | 4806 | 4888 | 4984 | 5077 | 5169 |
| Sensex | 15486 | 15745 | 15987 | 16232 | 16560 | 16889 | 17211 |

**ગત સપ્તાહની ભલામણો પર એક નજર**

**ફરી એક વાર ભલામણોએ તેમના લક્ષાંક સહેલાઈથી સાકાર કરેલ છે, પરંતુ આ સપ્તાહનો સ્ટાર પર્ફોમર હતો જી એમ ડી સી જે ૮ ટકા જેટલો તૂટવા પામેલ હતો** .

| STOCK | Reco. Price | Tgt | Reached | Lot Size | Profit |
|---|---|---|---|---|---|
| Sell GMDC | 169 | 156 | 156 | 2000 | Rs.26,000 |
| Sell BoB | 762 | 742 | 722 | 250 | Rs.10,000 |
| Sell Wipro | 340 | 330 | 323 | 500 | Rs.8,500 |
| Sell TataStL | 415 | 390 | 390 | 500 | Rs.12,500 |
| Sell Aban | 352 | 331 | 331 | 500 | Rs.10,500 |
| | | | | Total | Rs.67,500 |

**આગામી સપ્તાહ માટે ભલામણ**

| STOCK | CMP | SL | Tgt-1 | Tgt-2 |
|---|---|---|---|---|
| Sell Petronet | 154 | 158 | 148 | 141 |
| Sell BhartiAir | 354 | 361 | 345 | 335 |
| Sell STFC | 576 | 587 | 563 | 549 |
| Sell CanBnk | 423 | 433 | 410 | 396 |
| Sell Ambuja | 145 | 148 | 140 | 135 |

**આગામી સપ્તાહે, સેન્સેક્ષનો ટેકો ૧૫૯૮૭-૧૫૭૪૫-૧૫૪૮૬ અને પ્રતિકારક સપાટી ૧૬૫૬૦-૧૬૮૮૯-૧૭૨૧૧ રહેશે.**

આ સપાટીઓ સેન્સેક્ષમાં ૧૪૪૦૨-૧૨૮૨૦ અને નિફ્ટીમાં ૪૨૯૫-૩૮૧૩ છે.

સેન્સેક્ષ અને નિફ્ટી બંનેએ સાપ્તાહિક બેરીશ હેડ એન્ડ શોલ્ડર બ્રેકઆઉટ આપેલ છે, અને આ બેરીશ હેડ એન્ડશોલ્ડરનો લક્ષાંક સેન્સેક્ષમાં ૧૪૬૫૧-૧૩૯૨૮ અને નિફ્ટીમાં ૪૩૫૭-૪૧૪૩ પર આવે છે. આ પછી સાપ્તાહિક બેરીશ ડીસ્કેન્ડીંગ ટ્રાયેંગલ પૂર્ણ થયેલ છે અને આ ઘટાડાનો લક્ષાંક સેન્સેક્ષમાં ૧૩૯૫૨ અને નિફ્ટીમાં ૪૨૦૦ પર આવે છે. થોડા ઘણા અંશે ત્યાં મંદીમય કપ અને હેન્ડલની રચના થયેલ છે અને તેથી તેનો લક્ષાંક સેન્સેક્ષમાં ૧૪૭૮૯ અને નિફ્ટીમાં ૪૪૩૭ આવે છે. દૈનિક ચાર્ટ પર હજુ પણ નાના પાયા પર એસ્કેન્ડીંગ ટ્રાયેંગલ બ્રેકઆઉટ માટે મંદીમય બ્રેકઆઉટ જણાય છે અને તેનો લક્ષાંક સેન્સેક્ષમાં ૧૫૩૦૬ અને નિફ્ટીમાં ૪૫૭૨ પર આવે છે.

રસપ્રદ બાબત એ છે કે મોટા ભાગનાં સંકેતકો મંદીમયતા ચાલુ જ રહેશે તેમ દર્શાવી રહેલ છે. એમ એ સી ડી ફરી એક વાર સેલ મોડમાં છે અને નકારાત્મક ટેરીટરીમાં છે.તેણે ત્રણ સપ્તાહમાં પ્રણ વ્હીપશો આપેલ છે અને હાલમાં આ સંકેતક પર સંપૂર્ણરીતે આધાર રાખી શકાય તેમ નથી. આર એસ આઈ પણ સેન્ટરલાઈન પસાર કરવામાં મુશ્કેલી અનુભવી રહેલ છે અને તે સતત ત્યાંથી નીચે આવી રહેલ છે. હાલમાં તે ૪૫ પર વેચવાલીના ઝોનમાં છે. આર ઓ સી નકારાત્મક ગાળામાં છે અને તેથી તે પણ વેચાણના મોડમાં છે. સ્ટકોસ્ટીક ઓસીલેટર પણ સેલ મોડમાં છે અને % કે, % ડી ની નીચે છે. રસપ્રદ એ છે કે % કે ઓવરસોલ્ડ ઝોનમાં છે, તેથી જો બાઉન્સ બેક ચાલુ રહે તો કોઈને આશ્ચર્ય નહીં થાય. એડીએક્ષ પણ ૨૧ પર રહી સુચવી રહેલ છે કે ઈન્ડેક્ષ વધુ મજબૂતાઈ દર્શાવી રહેલ નથી. દીશાસૂચક સંકેતકોએ પણ સેલ મોડમાં રહેવાનું ચાલુ જ રાખેલ છે અને - ડી આઈ + ડી આઈની ઉપર રહેલ છે. ઓ બી વી લોવર ટોપ અને લોવર બોટમની રચના સાથે ચાલુ છે અને તેથી તેના વેચાણના સંકેત પણ ચાલુ રહેલ છે. મની ફલો સેન્ટરલાઈનથી નીચે તૂટેલ છે અને તેથી તે ૪૧ પર છે. અને આ રીતે તે પણ વેચાણના સંકેત આપી રહેલ છે.

નિફ્ટી ઓઆઈપીસીઆર ઉપર ગયેલ છે અને હાલ તે ૧.૪૯ ની ઉપર છે. શુક્રવારે મજબૂત શરુઆતના કારણે ૪૮૦૦ પુટ પર ઓપન ઈન્ટરેસ્ટમાં વધારો થયેલ છે. મજબૂત પુટ રાઈટીંગ ૪૮૦૦ ની સપાટીએ અને ૪૭૦૦ ની સપાટીએ જોવા મળેલ છે. ઉચ્ચતમ કોલ રાઈટીંગ ૫૨૦૦ ના સ્ટ્રાઈક ભાવે છે. નિફ્ટી ૪૮૦૦ ની નજીક ટેકો અને ૫૨૦૦ ની નજીક પ્રતિકારક સપાટી ધરાવે તેવી અપેક્ષા છે.

સેન્સેક્ષની ટ્રેન્ડ લાઈન પ્રતિકારક સપાટી ૧૭૧૫૫ અને ટ્રેન્ડલાઈન સપોર્ટ ૧૫૭૪૨ છે.

નિફ્ટીની ટ્રેન્ડ લાઈન પ્રતિકારક સપાટી ૫૧૫૫ અને ટ્રેન્ડલાઈન સપોર્ટ ૪૭૨૯ છે.

આગામી સપ્તાહે, સેન્સેક્ષનો ટેકો ૧૫૯૮૭-૧૫૭૪૫-૧૫૪૮૬ અને પ્રતિકારક સપાટી ૧૬૫૬૦-૧૬૮૮૯-૧૭૨૧૧ રહેશે.

આગામી સપ્તાહે નિફ્ટીનો ટેકો ૪૮૦૬-૪૭૨૮-૪૬૩૭ અને પ્રતિકારક સપાટી ૪૯૮૪-૫૦૭૭-૫૧૬૯ રહેશે.

# બુલ્લીઅન માં સામાન્ય ઘટાડે લેણ નો સપોર્ટ સાથે ભાવ દાયરામાં રહેશે

**હોટ કોમોડીટીઝ**



**પ્રતિક સોની**
**મો. ૯૫૧૦૮૫૦૨૮૮**

ગયા સપ્તાહમાં સોનામાં દાયરામાં કારોબાર જોવા મળ્યો, આંતરરાષ્ટ્રીય સોનાના ભાવ ૧૬૦૦ ડોલર આસપાસ સપોર્ટ લેતા જોવા મળ્યા અને નીચેના લેવલથી સામાન્ય લેવાલી હતી. ચાંદીમાં પણ ભાવ ઘટ્યા બાદ નીચેથી સામાન્ય વધારો જોવા મળ્યો, હાલ પૂરતા ભાવ રેંજમાં રહ્યા હતા.

**ક્રૂડનો ક્યાસ**

આંતર રાષ્ટ્રય ક્રુડમાં નીચેથી ૭૫ ડોલરનો સપોર્ટ છે જયાંથી એક શાર્પ બાઉન્સ જોવા મળ્યો છે. જે હાલમાં વધુમાં ૮૫.૩૫ ડોલર સુધી આગળ વધે જયાં ઉપરમાં ૮૭.૫૦ ડોલર રેજીસ્ટન્સ તરીકે કામ અને હાલમાં ૮૦ ડોલર થી ૮૫ ડોલરની રેંજમાં જોવા મળે. એમસીએક્ષમાં ધ્યાન આપીએ તો ૪૧૧૨ અને ૪૧૬૮ સુધીની જગ્યામાં ૪૨૨૫ પ્રતિકારક સપાટી બની રહે. હાલમાં લઈને ઉપરમાં વેચીને વેપાર કરાય.

**સોનાની સ્ટ્રેટેજી**

આંતરરાષ્ટ્રીય સોનામાં ૧૬૮૫ ડોલરની સપાટી પર ધ્યાન આપવું જે હાલ પુરતું રેજીસ્ટન્સ લેવલ છે જો તે ક્રોસ કરે તો ઉપરમાં ૧૭૧૦ ડોલરથી ૧૭૨૫ ડોલર જોવા મળે, નીચે તરફી રુખમાં ૧૬૦૦ ડોલર નો સપોર્ટ છે જે તોડે તો ૧૫૪૦ ડોલરનો સપોર્ટ છે. ટૂંકાગાળામાં ૧૬૦૦ ડોલર થી ૧૬૮૫ ડોલરની રેંજમાં જોવા મળે. એમસીએક્ષ સોનામાં ૨૬૭૮૦ નજીકની પ્રતિકારક સપાટી તેની ઉપર ૨૭૦૭૦ આસપાસ અટકી સકે, નીચેમાં ૨૫૯૦૦ની નીચે જતા ૨૫૫૫૦ થી ૨૫૨૦૦ની જગ્યા છે. ટૂંકા ગાળામાં ૨૫૯૦૦ આસપાસ સપોર્ટ પર ધ્યાન અપાય અને ત્યાંથી વધતા લેણ તરફી રુખમાં ફરી ૨૬૫૦૦ ટાર્ગેટથી કામ કરાય. ટૂંકામાં રેંજમાં પકડીને સપોર્ટ અને ઉપરમાં રેસીસ્તંસ લે ધ્યાનમાં લેવા જરૂરી બની રહેશે. જયાં હાલ ઘટ્યા બાદ કન્સોલીડેશનનો તબક્કો જોવા મળી શકે.

**ચાંદીની ચાલ**

આંતરરાષ્ટ્રીય ચાંદીમાં ૩૨.૮૦ ડોલરનું રેજીસ્ટન્સ લેવલ છે જો તેની ઉપર જાય તો ૩૪ ડોલર જોવા મળે, નીચેમાં ૩૦ ડોલર નીચે જતા ૨૮ ડોલર સુધી મળે જયાં એક સપોર્ટ લઈ શકે, હાલમાં ૨૮ ડોલર થી ૩૨ ડોલરની રેંજ ધ્યાનમાં લેવાય, એસીએક્ષ ચાંદીમાં ૫૩૮૦૦ નજીકની પ્રતિકારક સપાટી તોડે તો ઉપરમાં ફરી ૫૫૦૦૦ સુધી જોવા મળે. હાલમાં નીચેમાં ૫૧૫૦૦ નજીકમાં અને ૫૦૬૫૦ સુધી શક્ય છે જયાં નીચે ૪૯૬૦૦ નજીકમાં ને ૪૮૭૦૦ બીજો સપોર્ટ સાબિત થાય. હાલમાં ઘટાડે લેણ તરફી રુખમાં રેલાય.

**સોનાની ખાણ પૂરવાર થાય તેવી સલાહ માટે વાંચતા રહો : ધી ઈકોનોમિક રેવલ્યૂશન**

ધી ઈકોનોમિક રેવલ્યુશન

તંત્રીની કલમે....

## કસોટીની વેળાએ શ્રી મોદીએ કર્મચારીઓને ખુશ કરી નાખ્યા

**મિત્રો,**

અત્યારસુધી ગુજરાત જેના માટે ગૌરવ લેતું હતું અને જેના માટે ગૌરવ લઈ શકાય તેવું વ્યક્તિત્વ ધરાવે છે તેવા ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ તા. ૭ ઓકટોબરના રોજ તેમના આ હોદ્દાના ૧૧ મા વર્ષમાં પ્રવેશ કરી રહેલ છે. ગાંધીનગર પાટનગર તરીકે સ્થપાયા બાદ, શ્રી મોદી મુખ્યમંત્રી બન્યા તે પહેલાંના કોઈ મુખ્યમંત્રીઓ ગાંધીનગર ખાતે પાંચ વર્ષ પુરાં કરી શકયા ન હતા, અને એટલે સામાન્ય લોકોમાં ગાંધીનગરની જમીનને પણ શાપિત ગણવામાં આવતી હતી. શ્રી મોદીએ જે વખતે શાસનની ધૂરા સંભાળી તે એક કસોટીનો સમય હતો અને આજે જયારે તેઓ તેમનો સફળતાનો એક દશકો પુરો કરી ૧૧મા વર્ષમાં પ્રવેશી રહેલ છે ત્યારે પણ અનેક કસોટીઓમાંથી પસાર થઈ રહેલ છે.

તાજેતરમાં જ તેઓશ્રીએ સદ્‌ભાવના અનશન કર્યા, ત્યારે આ ત્રિદિવસીય અનશન પછી જાણે કે શ્રી મોદી અનેક પ્રશ્નોથી ઘેરાઈ ગયા હોય તેવી પરિસ્થિતિ થઈ છે.

આ સદ્‌ભાવના અનશન અંગે અનેક પ્રશ્નો ઉપસ્થિત થયા અને આ પ્રશ્નોને ચગાવીને તેમના અનશનને નિષ્ફળ બનાવવા માટે અનેક દાવપેચ પણ થયા. સાથે સાથે શ્રી મોદી ભારતના ભાવિ વડાપ્રધાન તરીકે ઉપસવા માટે આ અનશન કરી રહેલ છે તેવી માન્યતાને આધારે તેમના તરફના વિરોધીઓ વધારે આક્રમક બન્યા. અત્યારસુધી સ્વચ્છ ગણાતા શ્રી મોદી પર કોંગ્રેસ તરફથી રૂ. ૬૦૦૦ કરોડના ભ્રષ્ટાચારના માત્ર આક્ષેપ કરવામાં આવ્યા.

માત્ર વિરોધીઓ જ નહીં, વડાપ્રધાન પદ માટે ઘણા લાંબા સમયથી રાહ જોઈ રહેલા અને કયારેય સફળ ન થયેલ શ્રી લાલકૃષ્ણ અડવાણી તેમ જ ભાજપના વિરોધ પક્ષનાં નેતા સુષ્મા સ્વરાજ ભલે પોતાના મુખ પર હાસ્ય ફરકાવી, અનશનમાં હાજર રહેલ હોવા છતાં પણ શ્રી મોદીની વધતી જતી લોકપ્રિયતા તેમનાં સ્વપ્નો આડે આવશે તે ભયથી તેઓ આ અનશનથી ખુશ ન હતાં, તે તેમના મુખ ઉપરથી જ જણાઈ આવતું હતું, તેવું મિડિયાએ નોંધેલ છે જ. આ રીતે સત્તાની સાઠમારીએ ભાજપમાં પણ મનદુ:ખની પરિસ્થિતિ લાવી દીધી છે.

એવું પણ કહેવાય છે કે ઉત્તરપ્રદેશમાં શ્રી સંજય જોશીની ઈન્ચાર્જ તરીકે નિમણૂક કરવામાં આવી અને શ્રી અડવાણીએ જાહેર કરેલ તેમની રથયાત્રા માટે નિતિશકુમારને જે રીતે લીલી ઝંડી આપવાનું આમંત્રણ અપાયું તે કારણે શ્રી મોદી નારાજ થયા હોવાનું માનવામાં આવે છે. આ પછી શ્રી મોદી તા. ૨૯-૩૦ સપ્ટેમ્બરમાસમાં દિલ્હી ખાતે મળેલ ભાજપની રાષ્ટ્રીય કારોબારીમાં પણ હાજર રહેલ ન હતા, તેમની માન્યતા છે કે બિહાર અને યુપી જેવા બે રાજયોથી તેમને દૂર રાખવામાં આવે તો તે તેમને વડાપ્રધાન તરીકેની દાવેદારીમાં વધુ નુકશાન કરી શકે તેમ છે. કારણ કે આ બે રાજયોમાંથી જ કુલ ૧૨૦ બેઠકો છે.

આ રીતે પક્ષમાં જ થયેલ વિખવાદ સામે શ્રી મોદી સંઘર્ષ કરી રહેલ છે ત્યારે જ શ્રી સંજીવ ભટ્ટની ધરપકડે તેમના માટે સંઘર્ષનો એક નવો મુદ્દો ઉમેરેલ છે. મિડિયાને પણ મોદી વિરૂધ્ધ છાપી શકાય તેવી નવી સામગ્રી મળી ગયેલ છે. શ્રી હરેન પંડયાના હત્યાના મુદ્દાએ વધારે રાજકીય ગરમી પકડી છે. શ્રી મોદીના ઉપવાસ પછી સ્વ. શ્રી હરેન પડયાનાં પત્નિ જાગૃતીબહેન પણ ન્યાય માટે વધારે આક્રમક બન્યાં, તેઓશ્રીએ કેન્દ્રના ગૃહપ્રધાન શ્રી ચિદંબરમને એક પત્ર લખીને પોતાને ન્યાય મળે તેવી માંગણી કરી છે. શ્રી સંજીવભટ્ટની ધરપકડ પછી પણ મોદી માટે વધુ એક સંઘર્ષનો મુદ્દો ઉભો થયો છે, કે જે મુદ્દાનો સહારો લઈ વિરોધીઓને પોતાનો રોટલો શેકવામાં મદદ મળી છે. પ્રજાનો કેટલોક ભાગ એવો પણ છે કે જે શ્રી ભટ્ટની ધરપકડનો વિરોધ કરી રહેલ છે. શ્રી ભટ્ટનાં પત્નિ શ્રીમતી શ્વેતા ભટ્ટે પણ ભારતના ગૃહપ્રધાન શ્રી પી ચિદંબરમને પત્ર લખી જણાવેલ છે કે સંજીવભટ્ટે રમખાણો અને હરેન પંડયા હત્યા કેસમાં મોદીની સંદિગ્ધ ભૂમિકા વિષે ઘટસ્ફોટ કર્યો હોવાથી શ્રી ભટ્ટની ધરપકડ થયેલ છે અને તેમનું જાનનું જોખમ પણ છે અને આ અનુસંધાને નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સીના કેટલાક ખાસ અધિકારીઓને સ્થળ પર આવી તપાસ કરવા જણાવેલ છે. આ બે બ્રાહ્મણોના મુદ્દા અંગે બ્રહ્મસમાજ પણ શ્રી મોદીનો વિરોધ કરવાના મૂડમાં છે,હવે તો આ બંને કુટુંબોએ આ કાર્ય માટે એક બીજા સાથે હાથ પણ મિલાવેલ છે. નકલી એનકાઉન્ટરના કેસો તો તેમનો પીછો છોડતા નથી તે સાથે સાથે દિપેશ અભિષેકના અપમૃત્યુ અંગેનો મુદ્દો પણ તેમનો પીછો છોડતો નથી.

અને જયારે મોદી આ બધી મુશ્કેલીઓથી ઘેરાઈ ગયા છે ત્યારે શ્રી ઝડફીયા જેવા અસંતુષ્ટો પણ હવે પોતાની હૈયા વરાળ કાઢી રહેલ છે, અને આ સમયે જ શ્રી મોદી સત્તાના ૧૧ મા વર્ષમાં પ્રવેશી રહેલ છે.

પરંતુ આ સમયે શ્રી મોદીને અત્યાર સુધી જે સરકારી કર્મચારીઓ યાદ આવતા ન હતા તે એકાએક યાદ આવ્યા છે, ખાસ કરીને કર્મચારીઓના એરિયર્સ, ફીકસ પગારદારોના વેતનમાં વધારો વગેરે અનેક માંગ પડતર જ રહેતી હતી. આ માંગને સંતોષવા માટે શ્રી મોદી પાસે સમય ન હતો, તે માંગ તેઓએ ૧૧ મા વર્ષમાં પ્રવશ વખતે સંતોષીને સરકારી કર્મચારીઓને પોતાની તરફે કરવાનો અને તેમનો અસંતોષ દૂર કરવાનો કૂનેહ પૂર્વક પ્રયત્ન કરેલ છે. જે સફળ થશે જ.

ટૂંકમાં શ્રી મોદી તેમની સત્તાના ૧૧ વર્ષમા પ્રવેશી રહેલ છે ત્યારે તેઓ ભાવિ વડાપ્રધાન તરીકે પણ પોતાની જાતને ઉપસાવી રહેલા છે ત્યારે તેમની સામે અનેક પડકારો પણ ઉભા છે, જે તેમની પૂરી કસોટી કરશે. જયારે આગામી વિધાનસભાની ચૂંટણીઓ નજીક આવી રહી છે ત્યારે શ્રી મોદીએ આ અનેક પ્રશ્નો સાથે લડીને પોતાની જાતને વધુ ઉપસાવવા માટે સંઘર્ષ કરવો પડશે. આ દીશાનો સફળતાનો માર્ગ હજુ કઠીન અને લાંબો છે તે નકારી શકાય તેમ નથી.

**જય હો**

**સર્વેત્રઃ સુખિનઃ સન્તુ** — **નરેન્દ્ર જોષી, એડીટર**

### રોકિંગ ટીપ્સ મેકર્સ

પાના નં.૫ નું ચાલુ

ટ્રાયગલ ઈન ડાઉન ટ્રેન્ડ ની રચના બનાવે છે જે શેરમાં નજીકના એક મુખ્ય સપોર્ટ થી લાંબાગાળાનુ રોકાણ કરવાના સંકેતો આપે છે. માસીક ચાર્ટ ઉપર શેર રિકટેગલ ટ્રાયગલ ઈન ડાઉન ટ્રેન્ડ ની રચના બનાવે છે જે શેરમાં મુખ્ય અવરોધ પાર કરી તેના ઉપર બંધ આપતાં મધ્યમગાળમાં આકર્ષક તેજીના સંકેતો આપે છે. લાંબાગાળના ચાર્ટ ઉપર શેર બુલ ફલેગ ઈન અપટ્રેન્ડ ની રચના બનાવે છે જે શેરમાં બે મુખ્ય સપોર્ટ ના તબકકામાં લાંબાગાળાનુ રોકાણ કરવાના નિર્દશો કરે છે. ટેકનીકલી શેરનુ વાર્ષિક ચાર્ટ ઉપર એનાલીસીસ કરતાં શેરમાં બે મુખ્ય સપોર્ટ ના તબકકામાં રોકાણ કરનારને લાંબાગાળે ૨૦૦ ટકા ઉપર જમ્બો રિર્ટન મળી શકે છે.અમારા નિયમીત વાચકમિત્રોને ધ્યાનમાં હશે કે આ શેર લેવાની ભલામણ અમે પહેલા રૂ ૨૨ આસપાસ કરેલ જયાંથી માત્ર બે માસમાં જ રૂ ૫૦ ઉપરના ઉછાળા સાથે ૧૦૦ ટકા ઉપર રિર્ટન આપેલ. શેર ફર થી એજ ભાવે મળી રહેલ છે. મધ્યમગાળામાં ૫૦ દિવસની મુવીંગ એવરેજ પાર કરી તેના ઉપર બંધ આપેતો મધ્યમથી લાંબા ગાળે૬૩ ટકા ઉપર રિર્ટન આપી શકે છે. અન્ય સોલ્વન્ટ એકસટ્રેશન કંપનીઓની તુલનામાં શેર ખુબ જ આકર્ષક વેલ્યુએશન ઉપર મળી રહેલ છે બાકિ આગામી ફયુચર સિરિઝમાં ૧૦ થી ૧૫ ટકાનુ રિર્ટન મધ્યમગાળામાં આપે તેવા સ્ટોકસનુ ગહન એનાલીસીસ થઈ રહેલ છે જે અમારા મેમ્બર્સને જણાવીશુ. શેરમાં ઘટાડે લાંબાગાળાના રોકાણકારો એ મર્યાદિત માત્રમાં રોકાણ કરવુ.

# સોનામાં ૨૬૦૭૧ અને ચાંદીમાં ૫૧૮૮૮ ઉપર તેજી તરફી ચાલ

## મેટલ્સમાં તીવ્ર વોલેટાલીટી જયારે જીરામાં ૧૪૪૭૦ ઉપર સુધારા તરફી રૂખ

### કોમોડિટી કોર્નર



આશિષ નાયક
મો. ૯૭૨૨૨ ૭૫૮૦૯
rosenayak.1984@yahoo.com

ક્રુડ ઓઈલ ઈન્વેટરી ડેટા,યુરોપ સેન્ટ્રલ બેન્ક દ્રારા વ્યાજદરોમાં કોઈ ફેરફાર ન કરતાં, અને ડોલરની ઉપરના સ્તરેથી આવેલ વેચવાલ થી નાયમેકસ ક્રુડ ઓઈલથી સપ્તાહના છેલ્લા બે દિવસમાં છ ડોલર ઉપરનો સુધારો જોવા મળેલ. યુરોપ અને યુએસ ઈકોનોમીની હાલત વધુ કથળશે જેનાથી ફયુઅલ ડિમાન્ડ પર નકારાત્માક અસર જોવા મળશે તેવા ભયથી રોકાણકારોએ સપ્તાહની શરૂઆતમાં આક્રમક વેચવાલી કરેલ જયાં નાયમેકસ ક્રુડ ઓઈલે એક વર્ષની નીચી સપાટી બતાવેલ જયારે બ્રેટ ક્રુડે ફેબુઆરી માસ બાદ ૧૦૦ ડોલર નીચેના ભાવ બતાવેલ. છેલ્લા સપ્તાહે સ્પષ્ટ જણાવેલ કે નાયમેકસ ક્રુડ ઓઈલમાં મુખ્ય અવરોધ ૮૦.૮૦ પાર કરતાં વધુ સુધારો જોવા મળે તે મુજબ જ ૮૦.૮૦ પાર કરતાં ૮૩.૫૧ નો લક્ષાંકો સાધ્ય કરેલ જયારે મુખ્ય સપોર્ટ ૭૭.૭૮ તુટતાં લક્ષાંક ૭૬ સાધ્ય કરી બતાવેલ. સાપ્તાહીક ચાર્ટ ઉપર નાયમેકસ ક્રુડ ઓઈલ ફોલીંગ વિડથ ઈન ડાઉન ટ્રેન્ડની રચના બનાવે છે જે નાયમેકસ ક્રુડ ઓઈલમાં ૭૯.૭૩ ડોલર ઉપર તેજી તરફી રૂખના સંકેતો આપે છે. ૭૯.૭૩ તુટતાં ૭૭.૦૫ ડોલર સુધીના લેવલો જોવા મળી શકે છે. મુખ્ય અવરોધ ૮૩.૮૦ પાર કરતાં ૮૬ ડોલર સુધીનો સુધારો જોવા મળે. છેલ્લા સપ્તાહે એમસીએકસ ક્રુડ ઓઈલ માટે જણાવેલ કે મુખ્ય અવરોધ ૩૯૭૦ પાર કરે તો જ સુધારો આગળ વધે તે મુજબ જ સપ્તાહના શરૂઆતી ત્રણ દિવસમાં ૩૯૭૦ આસપાસ સતત વેચવાલી જોવા મળેલ જયારે સપ્તાહના આખરી બે દિવસમાં મુખ્ય અવરોધ ૩૯૭૦ પાર કરતાં ૪૦૮૦ સુધીનો ઝડપી ઉછાળો બતાવેલ. કોપર માટે જણાવેલ કે રૂ ૩૫૧ મુખ્ય અવરોધ ગણવો જેની આસપાસથી કોપર ત્રણ વખત રૂ ૩૩૯ સુધીના લેવલો બતાવેલ જયારે રૂ ૩૫૧ પાર કરી તેના ઉપર બંધ આપતાં રૂ ૩૬૪ સુધીનો ઉછાળો બતાવેલ જયારે નિકલમાં મુખ્ય અવરોધ ૮૮૪ પાર કરતાં ૯૫૦ ઉપરના ભાવ બતાવેલ. છેલ્લા સપ્તાહે કોપરમાં રૂ ૩૦ ઉપર જયારે નિકલમાં રૂ ૬૬ ઉપર તફાવતથી રૂ ૩૦૦૦૦ અને રૂ ૨૦૦૦૦ નો નફો દર્શાવેલ. આગામી સપ્તાહ માટે ક્રુડ ઓઈલ માટે મુખ્ય સપોર્ટ ૩૯૮૦ જયારે કોપર અને નિકલ માટે અનુક્રમે ૩૪૯ અને રૂ ૮૯૮ મુખ્ય સપોર્ટ ગણવો. આગામી સપ્તાહે ટ્રેડરોએ મેટલ્સમાં બ્રેકઆઉટલક્ષી વેપાર યોગ્ય સ્ટોપલોસ સાથે બનાવવો.

**કરન્સી કોર્નર**

છેલ્લા સપ્તાહે જણાવેલ કે ડોલરમાં મુખ્ય અવરોધ ૪૯.૧૭ પાર કરતાં ૪૯.૪૪ સુધીનો ઉછાળો જોવા મળે તે મુજબ જ ૪૯.૧૭ પાર કરતાં ૪૯.૪૪ સુધીનો સુધારો જોવા મળેલ જયારે સપોર્ટ ૪૮.૭૯ તોડેલ નહી. સાપ્તાહીક ચાર્ટ ઉપર ડોલર રાઈઝિંગ વિડથ ઈન એ ડાઉન ટ્રેન્ડ ની રચના બનાવે છે જે મુખ્ય અવરોધ ૪૯.૩૧ નીચે વેચવાલીના સંકેતો આપે છે. ૪૯.૩૧ પાર કરતાં ૪૯.૫૪ સુધીના લેવલો જોવા મળે. મુખ્ય સપોર્ટ ૪૮.૯૦ તુટતાં ૪૮.૬૬ કે તેથી નીચેના સ્તરો જોવા મળી શકે છે.

**એમસીએકસ સોનુ ૫ ડિસેમ્બર ફયુચર (૨૬૨૧૯)**

ડોલરની વોલેટાલીટી,બેન્ક ઓફ ઈગ્લેન્ડ દ્રારા સરળ નાણાકીય પગલા તાજા રાઉન્ડમાં અમલ કરતાં અને નાયમેકસ ક્રુડની સપોર્ટથી થયેલી તેજીથી સોનામાં સાપ્તાહીક દ્રષ્ટિએ સામાન્ય સુધારો જોવા મળેલ. છેલ્લા સપ્તાહે સોનામાં જણાવેલ કે ૨૫૬૮૦ ઉપર તેજી તરફી રૂખ જળવાઈ રહે તે મુજબ જ ૨૫૬૮૦ નો સપોર્ટ લઈ ૨૬૬૦૦ સુધીના ઉચ્ચતમ લેવલ બતાવેલ જયારે મુખ્ય અવરોધ ૨૬૧૮૦ પાર કરતાં ૨૬૫૩૦ અમારો આપેલ લક્ષાંકો ઈન્ટ્રા ડે માંજ સાધ્ય કરી બતાવેલ. છેલ્લા સપ્તાહે અમારી ભલામણથી રૂ ૯૦૦ ના તફાવતથી માત્ર એક જ લોટમાં કામ કરનારને સોનામાં રૂ ૯૦૦૦૦ ઉપરનો નફો થયેલ. સાપ્તાહીક ચાર્ટ ઉપર સોનુ ૫ ડિસેમ્બર ફયુચર ઈન્વર્ટેડ હેડ એન્ડ સોલ્ડર એસ એ રિર્વસલ ઈન ડાઉન ટ્રેન્ડ ની રચના બનાવે છે જે સોનામાં ૨૬૦૭૧ ઉપર તેજી તરફી રૂખના સંકેતો આપે છે. ૨૬૦૭૧ નો મુખ્ય સપોર્ટ તુટતાં ૨૫૭૭૦ સુધીના ભાવ જોવા મળી શકે છે. મુખ્ય અવરોધ ૨૬૭૮૦ પાર કરતાં ૨૭૦૦૦ કે તેથી ઉપરના ભાવ જોવા મળે. છેલ્લા સપ્તાહે કોમેકસ ગોલ્ડ માટે ૧૬૪૪ મુખ્ય અવરોધ જણાવેલ જયાંથી સોનામાં ત્રણવાર વેચવાલી જોવા મળે પરંતુ ૧૬૪૪ પાર કરતાં ૧૬૬૬ ડોલર સુધીનો હાઈ જોવા મળેલ. આગામી સપ્તાહે બજારની વોલેટાલીટી વચ્ચે યોગ્ય લેવલથી તેજી–મંદીની પોઝિશન બનાવવી હિતાવહ.

**એમસીએકસ ચાંદી ૫ ડિસેમ્બર ફયુચર (૫૧૯૦૧)**

સોનાની રેન્જબાઉન્ડ ચાલ,ડોલરમાં ઉચ્ચતમસપાટ થી આવેલ વેચવાલી,ક્રુડ ઓઈલની તેજથી અન્ય કોમોડીટીઝને મળેલ સપોર્ટ અને રોકાણકારો તથા ટ્રેડરો દ્વારા ઘટાડે ખરીદી નિકળતાં સોનામાં સપોર્ટના ભાવથી તેજી જોવા મળેલ. છેલ્લા સપ્તાહે જણાવેલ કે ચાંદીમાં રૂ ૫૦૧૮૮ ઉપર તેજી તરફી રૂખ જળવાઈ રહે તે મુજબ જ ૫૦૧૮૮ તુટતાં ૪૮૪૦૦ સુધીના ભાવ સપ્તાહના મધ્યમાં ઈન્ટ્રા ડે માં જ જોવા મળેલ જયારે મુખ્ય અવરોધ રૂ ૫૧૫૭૭ પાર કરતાં ૫૨૭૮૦ સુધીના લક્ષાંકો સાધ્ય કરી ૫૪૦૦૦ સુધીના ભાવ બતાવેલ. અમારા તમામ રોકાણકાર મેમ્બર્સને ચાંદીમાં છેલ્લા સપ્તાહે ઘટાડે ખરીદી કરી અઢળક કમાણી કરેલ. છેલ્લા સપ્તાહે ચાંદીમાં અમારી ભલામણથી માત્ર એક જ લોટમાં કામ કરનારને રૂ ૧૫૦૦૦૦ ઉપરનો નફો થયેલ. સાપ્તાહીક ચાર્ટ ઉપર ચાંદી ઈન્વટ્રેન્ડ હેડ એન્ડ સોલ્ડર એસ એ રિર્વસલ ઈન અપટ્રેન્ડની રચના બનાવે છે જે ચાંદીમાં રૂ ૫૧૮૮૮ ઉપર તેજી તરફી રૂખના સંકેતો આપે છે. ૫૧૮૮૮ નીચે બંધ આપતાં ૫૦૯૩૦ કે તેથી નીચેના ભાવ જોવા મળી શકે છે. મુખ્ય અવરોધ રૂ ૫૩૨૮૧ પાર કરી તેના ઉપર બંધ આપતાં ૫૪૪૫૧ કે તેથી ઉપરના લક્ષાંકો મળી શકે છે. કોમેકસ ખાતે ચાંદી ૩૧.૧૯ ડોલર મુખ્ય સપોર્ટ જયારે ૩૨.૮૦ મુખ્ય અવરોધ ગણવો. આગામી સપ્તાહે ટ્રેડરો અને રોકાણકારોએ ચાંદીમાં ખુબ જ સાવચેતથી પોઝિશન બનાવવી.

**એનસીડીએકસ જીરા ૨૦ ઓકટોમ્બર ફયુચર (૧૪૬૮૭)**

સ્ટોકિસ્ટ અને ટ્રેડર દ્રારા સપોર્ટના ભાવથી નિકળેલ સામાન્ય ખરીદથી એનસીડીએકસ જીરા વાયદામાં છેલ્લા સપ્તાહે સપોર્ટથી ઝડપી રિકવરી જોવા મળેલ. એનસીડીએકસ જીરા ફયુચર ૨૦ ઓકટોમ્બર ૧૪૬૬૦ આસપાસ ખુલી ઉચાંમાં ૧૪૮૦૦ ઉપરના ભાવ બતાવી ૧૪૧૩૪ સુધીના નિમ્નસ્તરો બતાવી ૧૪૬૬૦ આસપાસ ટ્રેડ કરી રહેલ છે. છેલ્લા સપ્તાહે એનસીડીએકસ સોયાતેલ માટે સ્પષ્ટ જણાવેલ કે રૂ ૨૧૨૦ નીચે ઉછાળે વેચવાલી જોવા મળે તે મુજબ જ રૂ ૨૧૨૦ એકેસટ હાઈ બતાવી રૂ ૨૦૪૦ સુધીના નીચા ભાવ બતાવેલ. અમારી ભલામણથી સોયાતેલમાં માત્ર એક જ લોટમાં કામ કરનારને રૂ ૬૦૦૦૦ ઉપરનો નફો થયેલ. સાપ્તાહીક ચાર્ટ ઉપર જીરા ૨૦ ઓકટોમ્બર ફયુચર ફોલીંગ વિડથ ઈન ડાઉન ટ્રેન્ડ ની રચના બનાવે છે જે જીરામાં રૂ ૧૪૪૭૦ ઉપર સુધારાલક્ષી રૂખના સંકેતો આપે છે. રૂ ૧૪૪૭૦ તુટતાં રૂ ૧૪૨૨૦ સુધીનો ઘટાડો જોવા મળી શકે છે. મુખ્ય અવરોધ ૧૪૮૨૧ પાર કરી તેના ઉપર બંધ આપતાં ૧૫૧૧૦ સુધીનો ઉછાળો જોવા મળે. એનસીડીએકસ કોમોડીટિઝમાં આગામી સપ્તાહે ચુનંદા કોમોડીટીઝમાં તેજી જળ વાઈ રહે.

# કોમોડીટીના ભાવો ઘટતાં કંપનીને રાહત થશે

### બુલેટ



નરેન્દ્ર નયનાની
મો. ૯૮૯૮૧૬૨૭૭૦
nainaninarendra@Hotmail.com
Yahoo Messanger Id-narendranainani
www.narendranainani.blogspot.com

**વિતેલા સપ્તાહે** બીએસઈ સેન્સેક્ષ (૧૬૨૩૨.૫૪) અને નિફટી (૪૮૮૮.૦૫) બંન્ને અનુક્રમે ૧.૩ ટકા અને ૧.૧ ટકા ઉપરે બંધ આવ્યા હતા. નિફટી ફયુચર ઓકટોબર ૫.૯ પોઈન્ટના ડીસ્કાઉન્ટ માં હતો. નિફટી કોલ ઓપ્શન ઓકટોબર ૫૦૦૦ ના કોલ ઓપ્શન ભારે એક્ટિવ હતો.

**સેન્સેક્ષમાં સપોર્ટ** ૧૬૧૦૦ **તથા રેજીસ્ટન્સ** ૧૬૩૫૦ જયારે **નિફટીમાં સપોર્ટ** ૪૮૪૫ અને **રેજીસ્ટન્સ** ૪૯૬૦ નો છે.

આઈ સી આઈ સી આઈ બેંક અને એસ બી આઈના ઓકટોબર સીરીઝના ઓપન ઈન્ટરેસ્ટમાં ઉમેરો થયેલ છે. ટાટા સ્ટીલમાં ઓકટોબર કોલ ઓપ્શનમાં રૂ. ૪૨૦ ના સ્ટ્રાઈક ભાવે મોટી પોઝીશન ઉભી થયેલ છે. આર આઈ એલ ઓકટોબર કોલ ઓપ્શનમાં રૂ. ૮૦૦ ના સ્ટ્રાઈક ભાવે સારી પોઝીશન ઉભી થયેલ છે.

**ફયુચર ઓપ્શનના ખેલાડીઓ માટે**

**૧.આઈ સી આઈ સી આઈ બેંક (૮૨૪.૪૫)** લોટ સાઈઝ ૨૫૦ શેર

- ઓકટોબર માસના સ્ટ્રાઈક ભાવ ૮૨૦ રૂા. ના ભાવે એક કોલ ઓપ્શન રૂ. ૩૪.૯૫ ના ભાવે ખરીદો.
- ઓકટોબર માસના ૮૪૦.૦૦ ના સ્ટ્રાઈક પ્રાઈસથી રૂ. ૨૫.૫૦ ના ભાવે એક કોલ ઓપ્શન વેચો.

**ચુકવેલ પ્રિમિયમ** = ૩૪.૯૫★૨૫૦=૮૭૩૭.૫૦ રૂ.

**મેળવેલ પ્રિમિયમ** = ૨૫.૫૦★૨૫૦=૬૩૭૫.૦૦ ઈજ. રૂા.

**ચોખ્ખું ચુકવેલ પ્રિમિયમ** = ૮૭૩૭.૫૦-૬૩૭૫.૦૦ =૨૩૬૨.૫૦ રૂ.

**વધારેમાં વધારે નફો** := ૮૪૦-૮૨૦ =૨૦★૨૫૦=૫૦૦૦-૨૩૬૨.૫૦=૨૬૩૭.૫૦ રૂ.

**વધારેમાં વધારે નુકશાન** := ૨૩૬૨.૫૦ રૂ.

**બ્રેક ઈવન પ્રાઈસ** := ૨૩૬૨.૫૦ રૂ.

**બ્રેક ઈવન પોઈન્ટ** := ૮૨૯.૪૫

**૧.ટાટા સ્ટીલ (૪૧૬.૯૦)** ફયુચર લોટ સાઈઝ ૫૦૦ શેર

- ઓકટોબર ફયુચરનો એક લોટ રૂ. ૪૧૬.૯૦ ના ભાવે ખરીદો
- ઓકટોબર માસનું એક કોલ ઓપ્શન રૂ. ૪૨૦ ના સ્ટ્રાઈક સભાવે રૂ. ૧૫.૫૦ ના ભાવે વેચો

**મેળવેલ પ્રિમિયમ** = ૧૫.૫★૫૦૦=૭૭૫૦.૦૦ રૂા.

**વધારેમાં વધારે નફો** :૪૨૦-૪૧૬.૯૦=૩.૧★૫૦૦=૧૫૫૦.૦૦ +૭૭૫૦=૯૩૦૦.૦૦ રૂ.

**વધારેમાં વધારે નુકશાન** := અસિમિત રૂ.

**ટ્રેડીંગ આઈડીઆ**

**૧. કોલ ઈન્ડિયા** (૩૩૭.૫૫) ઘટાડે આ સ્ટોક ખરીદીને વેપાર કરો.

**૨. ડીશ ટીવી** (૭૮.૯૦) ઘટાડે આ સ્ટોક ખરીદીને વેપાર કરો.

## નિફટીનો મજબૂત ટેકો ૪૭૮૦ તેમ જ પ્રતિકારક સપાટી ૪૬૭૦

### ૦૭ ઓકટોબર, ૨૦૧૧ શુક્રવાર

**નિફટીનો દેખાવ**

નિફટીની મજબૂત ટેકો ૪૭૮૦ અને ૪૬૭૦ તેમ જ પ્રતિકારક સપાટી ૪૯૬૦ અને ૫૦૧૦ છે. સાપ્તાહિક અને માસિક ચાર્ટ મુજબ નિફટી મંદીમય છે. દરેક ઉછાળે લોંગ પોઝીશનમાંથી નિકળો. વ્યાપારીઓએ દરેક ઉછાળે શોર્ટ સેલ પોઝીશન ધારણ કરી. તેનો અર્થ એ કે ઉછાળે વેચાણ કરો. જો નિફટી નીચેનો ટેકો ૪૬૭૦ તોડવામાં નિષ્ફળ નિવડે તો તે રેન્જ બાઉન્ડ રહે

### ટેકનીકલ ટ્રેન્ડ



સંજય લાડ
મો. ૯૮૨૦૯૨૦૫૩૦
WEBSITE : www.stockacademy.co.in

## ટ્રેડ કરવા જેવા કેટલાક શેર

| Name of stock | Action | Action price | Stop target loss |
|---|---|---|---|
| RELINFRA | 383 | 410….460 | Buy at support |
